॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૩ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૦૭ ફેબ્રુઆરી-૨૦૧૦


## શું આપણને પણ થાય છે આ આત્મીયતાની અનુભૂતિ

### સંબંધ જન્મ-જન્માંતરનો

પ્રજ્ઞા પરિવારના માટે અમને વ્યક્તિગત લાગણી છે. લાંબા સમયથી કોઈને કોઈ બહાને સાથે રહેવાના કારણે એમની સાથે આત્મીયતા એવી અને એટલી વધી ગઈ છે કે તેથી વિખૂટા કોઈ પણ પ્રકારે થવું સંભવ નથી. એના કેટલાય કારણ છે. પ્રથમ એ છે કે અમોને અનેક જન્મોનું સ્મરણ છે, લોકોને નહીં. જેમની સાથે પૂર્વ જન્મોથી ઉંડો સંબંધ રહેલો છે, તેને સંયોગવશ અથવા પ્રયત્નપૂર્વક અમો પરિજનોના રૂપમાં એકત્રિત કરી લીધો છે અને કોઈને કોઈ કારણે અમારી આસપાસ એકઠો થઈ ગયો છે, એને 'અખંડ જ્યોતિ' પોતાના આંચળમાં સમેટી ભેગો કરી રહી છે. સંગઠનના નામ પર ચાલનારા રચનાત્મક કાર્યક્રમ પણ આ સંદર્ભમાં આકર્ષણ આકર્ષિત કરતા રહે છે.

એના સિવાય બાળકો અને વાલીઓની વચ્ચે જે સહજ વાત્સલ્યભર્યું આદાન-પ્રદાન થાય છે, તે પણ ચાલતું રહે છે. બાળકો સહજ સ્વભાવ તેમના વાલીઓથી ઈચ્છતા રહે છે. ભલે તેને મોં ખોલીને માંગે અથવા ભાવ-ભંગિમાથી પ્રગટ કરતા રહે, બાળકોની આકાંક્ષા મોટી હોય છે. ભલે તે ઉપયોગી હોય અથવા અનુપયોગી; આવશ્યક હોય અથવા અનાવશ્યક. આપી-અપાવીને જ તેમને ચુપ કરી શકાય છે.એટલી સમજ હોતી નથી કે પૈસા વ્યર્થ જવાથી અને વસ્તુ કોઈ કામ ન આવવાનો તર્ક એમના ગળે ઉતારી શકાય છે. બાળકો અને વાલીઓની વચ્ચે આ દુલાર-ભરી ખેંચતાણ ત્યાં સુધી ચાલતી રહે છે, જ્યાં સુધી તેઓ પરિપકવ બુદ્ધિના નથી થઈ જતા અને ઉપયોગિતા-અનુપયોગિતાનું અંતર નથી સમજવા લાગતા. અમારી સાથે એક સંબંધ પરિજનોનો એ રીતે પણ ચાલતો રહ્યો છે.

માન્યતા તો માન્યતા. આદત તો આદત. પ્રત્યક્ષ કૌટુંબિકતા નથી, પણ પૂર્વ સંચિત ઘનિષ્ઠતાનું દબાણ તો ખરું. એક એવું ઉંડું સૂત્ર આપણા લોકોની વચ્ચે મોજુદ છે, જે વિચાર-વિનિમય, સંપર્ક, સાન્નિધ્ય સુધી જ સીમિત નથી રહેતું, કંઈ એવું પણ ઈચ્છે છે કે વધારે પ્રસન્નતાનું કોઈ સાધન, કોઈ અવસર હાથમાં આવી જાય. કેટલાયની સામે મુશ્કેલીઓ હોય છે. કેટલાક ભ્રમવશ જંજાળમાં ફસાયેલા હોય છે. કેટલાયને વધારે સારી સ્થિતિ જોઈએ છે. કારણ કેટલાય હોઈ શકે છે, પરંતુ જોવામાં આવે છે કે ઘણાખરા લોકો ઈચ્છા-આકાંક્ષા લઈને આવે છે. વાણીથી અથવા વાણી વગર વ્યક્ત કરે છે. સાથે જ વિચારે છે કે અમારી વાત યથાસ્થાને પહોંચી ગઈ. એમનો વિશ્વાસ તેમને ત્યારે થાય છે, જ્યારે પૂર્ણ નહીં તો અડધી-અધૂરી ઉપલબ્ધિ થઈ જાય છે.

યાચક અને દાનીનો સંબંધ બીજો છે, પરંતુ બાળકો અને વાલીઓની વચ્ચે આ વાત લાગુ પડતી નથી. વાછરડું દૂધ ન પીએ, તો ગાયની ખરાબ સ્થિતિ થાય છે. માત્ર ગાય જ વાછરડાને નથી આપતી, વાછરડું પણ ગાયને કંઈક આપે છે. જો આવું ન હોત તો કોઈ વાલી બાળકને જણવા અને લાલન-પાલનમાં સમય લગાવવા, પૈસા ખર્ચ કરવાના ઝંઝટમાં ન પડ્યો હોત.

### વાસ્તવિકતા સમજો

કહેવા માટે તો ગાયત્રી પરિવાર પ્રજ્ઞા પરિવાર વગેરે નામ રાખવામાં આવ્યા છે અને સદસ્યતાનું રજિસ્ટર તથા સમયદાન, અંશદાનના નિયમ પણ બનાવ્યા છે, પરંતુ વાસ્તવિકતા બીજી જ છે. એને આપણે સૌ સારી રીતે અનુભવ કરીએ છીએ. તે જન્મ-જન્માતાંરોથી સંગ્રહિત આત્મીયતા જેની પાછળ જોડાયેલ અનેક ગલગલી પેદા કરનારી ઘટનાઓ અમોને યાદ છે. પરિજનો તેને યાદ નહીં રાખી શક્યા હશે પછી તેઓ વિશ્વાસ કરે છે કે પરસ્પર આત્મીયતાની કોઈ એવી મજબૂત દોરી બાંધી છે, જે કેટલીય વાર તો હચમચાવી દે છે. તેઓ એક-બીજાના વધારે નજીક આવવા, પરસ્પર કંઈક વધારે કરી બતાવવા માટે આતુર હોય છે. આ કલ્પના નથી વાસ્તવિકતા છે, જેની બન્ને પક્ષોને નિરંતર અથવા સમય-સમય પર અનુભૂતિ થતી રહે છે.

બાળકોની સહાયતાથી મિશનનું કંઈક કામ પણ ચાલે છે, પરંતુ તે વાત ગૌણ છે. મુખ્ય પ્રશ્ન એક જ છે કે એને રમતા-રમાડતા, હસતા-હસાવતા જોવાનો આનંદ કેવી રીતે મળે? અત્યાર સુધી મુલાકાત, ચર્ચા, સત્સંગ સાન્નિધ્યથી પણ આ ભાવ-સંવેદનાની તુષ્ટિ થતી હતી, પરંતુ હવે તો નિયતિએ તે સુવિધા પણ હાથથી છીનવી લીધી. હવે પરસ્પર

> **પોતાના અનન્ય આત્મીય પ્રજ્ઞા પરિજનોમાંથી પ્રત્યેકના નામે અમારો આ જ વિલ અને વારસો છે કે અમારા જીવનથી કંઈક શીખો. ચરણોની યથાર્થતા શોધો. સફળતાને તપાસો અને જેનાથી જેટલું બની શકે, અનુકરણનો, અનુમાનનો પ્રયાસ કરો. આ નફાનો સોદો છે, નુકશાનનો નહીં.**

મુલાકાત-મિલનનો અધ્યાય સમાપ્ત થાય છે. (પરમ પૂજ્ય ગુરુદેવે એ આત્માભિવ્યક્તિ ત્યારે કરી પણ ખરી, જ્યારે તેઓ સૂક્ષ્મીકરણ સાધનામાં હતા અને ત્રણ વર્ષના એકાંતવાસનું સેવન કરી રહ્યા હતા.) એનાથી સમયની ઉણપ અથવા કોઈ વ્યવસ્થા સંબંધી મુશ્કેલ કારણ નથી. વાત એટલી છે કે એનાથી સૂક્ષ્મીકરણમાં વિઘ્ન પડે છે. ચિત્ત ભટકે છે અને જે સ્તરનું દબાણ અંતઃકરણ પર પડવું જોઈએ, તે વિખરાઈ જાય છે. પરિણામ સ્વરૂપે એ લક્ષ્યની પૂર્તિમાં વિઘ્ન પડે છે, જેની સાથે સમસ્ત મનુષ્ય સમુદાયનું ભાગ્ય-ભવિષ્ય જોડાયેલું છે.

પોતાની સ્વયંની મુક્તિ અથવા સ્વર્ગ-ઉત્કર્ષ જેવું કારણ રહ્યું હોત, તો તેને આગળ માટે ટાળી શકાતું હતું, પરંતુ સમય તો એવો વિકટ છે જે એક ક્ષણની પણ છૂટ નથી આપતો. ઈમાનદાર પોલીસની જેમ મોરચો સંભાળવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

### આવશ્યકતા ભાવ-પરિષ્કારની

બાળકોના, પ્રજ્ઞા પરિજનોના સંબંધમાં ચાલતા-ચલાવતા અમારું એટલું જ આશ્વાસન છે કે તેઓ જો પોતાના ભાવ-સંવેદના ક્ષેત્રને થોડો વધારે પરિષ્કૃત કરી લે, તો સંબંધ અત્યારની અપેક્ષા વધારે ઉંડો અનુભવ કરવા લાગશે. કારણ કે અમારું સૂક્ષ્મ શરીર સન્ ૨૦૦૦ સુધી તો ઘણું વધારે પ્રખર થઈ જશે. જ્યાં એની આવશ્યકતા હશે, વિલંબ કર્યા વગર પહોંચી જશે. એટલું જ નહીં, સ્નેહ-સહયોગ, ચર્ચા-માર્ગદર્શન જેવા પ્રયોજનોની પૂર્તિ પણ કરતું રહેશે. મુશ્કેલીઓમાં સહાયતા કરવા અને બાળકોને ઉંચા ઉઠાવવા, આગળ વધારવાની અમારી પ્રકૃતિમાં રાઈ-રત્તી પણ અંતર થવા નથી જઈ રહ્યું. તે લાભ પહેલાં કરતા ઘણો વધારે મળતો રહી શકે છે.

અમારા ગુરુદેવ સૂક્ષ્મ શરીરથી હિમાલયમાં રહે છે. છેલ્લા ૩૧ વર્ષોમાં અમોએ નિરંતર એમના સાન્નિધ્યનો અનુભવ કર્યો છે. આમ તો આંખોથી જોવાની વાત માત્ર જીવનભરમાં ત્રણ વખત જ, ત્રણ-ત્રણ દિવસ માટે સંભવ થયું છે. ભાવ-સાન્નિધ્યમાં શ્રદ્ધાની ઉત્કૃષ્ટતા રહેવાથી એનું પરિણામ એકલવ્યના દ્રોણાચાર્ય, મીરાના કૃષ્ણ અને રામકૃષ્ણ પરમહંસના કાલીદર્શન જેવી થાય છે. અમોને પણ આ લાભ નિરંતર મળતો રહ્યો છે. જે પોતાની ભાવ-સંવેદના વધારી શકશે, તેઓ ભવિષ્યમાં અમારી હાજરી અપેક્ષાકૃત કરતાં પણ ઘણી સારી રીતે અનુભવ કરતા રહેશે.

### વડીલોની બાળકો પાસે આશા

બાળકો વડીલો પાસેથી કંઈક ઈચ્છે છે, એ તો બરાબર છે. પરંતુ વડીલો બદલામાં કંઈ ન ઈચ્છે એવી વાત પણ નથી. નિયત સ્થાન પર મળ-મૂત્ર ત્યાગવા, શિષ્ટાચાર સમજવા, હસવા-હસાવવા, વસ્તુઓ ન વિખેરવા, વાંચવા જેવી અપેક્ષાઓ તેઓ પણ કરે છે. જેટલું સંભવ છે, એટલું તો તેને પણ કરવું જોઈએ. અમારી અપેક્ષાઓ પણ એવી જ છે. ગોવર્ધન ઉઠાવનારાઓએ પોતાના અનગઢ ગ્વાલ-બાળના સહારે જ ગોવર્ધન ઉઠાવી બતાવ્યો હતો. હનુમાનની વાત કોઈએ ન સાંભળી, તો પોતાના સાથી રીંછ-વાંદરાઓને સમેટી લાવ્યા. નવનિર્માણના ખભા પર લદાયેલ જવાબદારીને વહન કરવામાં અમો એકલા સમર્થ ન હોઈ શકીએ. આ હળીમળીને સંપન્ન થઈ શકનારું કાર્ય હતું. જે સમદાજરોમાંથી કોઈ હાથમાં ન આવ્યું, તો પોતાના આ બાળ-પરિવારને લઈને લાગી ગયા અને જે કંઈ જેટલું સંભવ થઈ શક્યું, કરતા રહ્યા. અત્યાર સુધીની પ્રગતિનો આ જ સાર-સંક્ષેપ છે.

વાત આગામી દિવસોની આવે છે. અમો પોતાના બાળકો માટે શું કરવું જોઈએ, આ કર્ત્તવ્ય-જવાબદારીનું હંમેશા ધ્યાન રહ્યું છે અને જ્યાં સુધી ચેતનાનું અસ્તિત્વ છે, એનું સ્મરણ બની પણ રહેશે. આ સંબંધમાં યાદ અપાવવા યોગ્ય વાત એક જ છે કે અમારી આકાંક્ષા અને આવશ્યકતાને ભુલાવી દેવામાં ન આવે. સમય નજીક છે. એમાં પ્રત્યેક પરિજનનું સમયદાન અને અંશદાન તથા મોટા સાધનો પણ અમોને જોઈએ છે.

### પોતાની સામર્થ્ય ઓળખો

અમારા પરિવારનો દરેક વ્યક્તિ મોટો છે, નાના દેખાવાનો એને મ્હોરો માત્ર પહેરી રાખ્યો છે. ઉતારવારની વાર છે કે એનો અસલી ચહેરો દેખાશે. ઘેટાના સમૂહમાં ઉછરેલા સિંહના બચ્ચાની કથા આપણા પ્રજ્ઞા પરિજનોમાંથી દરેકની ઉપર લાગુ થાય છે અથવા થઈ શકે છે.

અમોને અમારા માર્ગદર્શકે એક પળમાં ક્ષુદ્રતાનું આવરણ ઝાટકીને મહાનતાનું આવરણ પહેરાવી દીધું હતું. આ કાયાકલ્પમાં માત્ર એટલું જ થયું હતું કે લોભ, મોહના કાદવમાંથી નિકળવું પડ્યું. ઘણા બધાની સલાહ-આગ્રહોની ઉપેક્ષા કરવી પડી અને આત્મા-પરમાત્માના સંયુક્ત નિર્ણયને શિરોધાર્ય કરવાનું સાહસ એકઠું કરવું પડ્યું. એકલા ચાલવાનો આત્મવિશ્વાસ જાગ્યો અને આદર્શોને ભગવાન માનીને ચરણ આગળ વધ્યા. ત્યારબાદ એકલા ન રહેવું પડ્યું અને ન સાધનહીન રહેવું પડ્યું, ઉપેક્ષિત સ્થિતિનો ક્યારેય આભાસ ન થયો. સત્યનું અવલમ્બન અપનાવવા માત્રની વાર હતી કે અસત્યનું ઘુમ્મસ અનાયાસ જ હટતું ગયું.

અમારા પરિજનોને આ જ અનુરોધ છે કે અમારી જીવનચર્યાને ઘટનાક્રમની દૃષ્ટિથી નહીં, પરંતુ આ પર્યવેક્ષણની દૃષ્ટિથી વાંચવું જોઈએ કે એમાં દૈવી-અનુગ્રહનું અવતરણ થવાથી સાધનાથી સિદ્ધિ વાળો પ્રસંગ જોડાયો અથવા નહીં. એ જ રીતે આ પણ જોવા જેવું છે કે બીજાના અવલમ્બન યોગ્ય આધ્યાત્મિકતાને રજુ કરતા અમારા ચરણ ઋષિ પરંપરા અપનાવવા માટે આગળ વધ્યા કે નહીં? જેને જેટલી યથાર્થતા મળી, તે એટલી જ માત્રામાં એ અનુમાન લગાવે કે અધ્યાત્મ વિજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ આ જ છે. આંતરિક પવિત્રતા અને બહિરંગની પ્રખરતામાં જે જેટલો આદર્શ સમન્વય કરી શકશે, તે એ વિભૂતિઓથી લાભાન્વિત થશે, જે અધ્યાત્મ તત્વજ્ઞાન તથા ક્રિયા-વિજ્ઞાનની સાથે જોડી અને બતાવવામાં આવ્યું છે.

પોતાના અનન્ય આત્મીય પ્રજ્ઞા પરિજનોમાંથી પ્રત્યેકના નામે અમારો આ જ વિલ અને વારસો છે કે અમારા જીવનમાંથી કંઈક શીખો. ચરણોની યથાર્થતા શોધો. સફળતાને તપાસો અને જેનાથી જેટલું બની શકે, અનુકરણનો, આચરણનો પ્રયાસ કરો. આ નફાનો સોદો છે, નુકશાનનો નહીં.

**(પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા લખવામાં આવેલ આત્મકથા 'અમારો વિલ અને વારસો'ના સમાપન અંશ)માંથી** ❖

**અંધ માનવ માટે જેમ અરીસો નકામો છે તેવી રીતે જેમની પાસે બુદ્ધિ નથી તેમના માટે પુસ્તકો નકામા છે.**

# સત્સંકલ્પના સૂત્રોને આત્મસાત કરો, તેને પોતાના જીવન વિકાસની કસોટી માનો

## શ્રેષ્ઠ વાતાવરણ બનાવવાની સાધના કરો, સફળતા અને મનુષ્યતાનું સાચું મૂલ્યાંકન કરો

**યુગઋષિ જન્મશતાબ્દીના સંદર્ભમાં**

### સૂત્ર ક્રમાંક-૮

**ચારે બાજુ મધુરતા, સ્વચ્છતા, સાદગી તથા સજ્જનતાનું વાતાવરણ ઉત્પન્ન કરીશું.**

**ફરિયાદ નહીં સર્જનઃ**-આજકાલ ઘણાખરા લોકોની વચ્ચે એ ચર્ચાઓ ચાલે છે કે વાતાવરણ ખૂબ જ ખરાબ થઈ રહ્યું છે. આ સૂત્ર એ પ્રેરણા આપે છે કે વાતાવરણ ખરાબ થવાની ફરિયાદ કરવા કરતા વાતાવરણને અનુકૂળ બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પરમાત્માએ મનુષ્યને વાતાવરણ નિર્માણ કરવાની ક્ષમતા આપી છે. આપણે તેનો સદુપયોગ કરવો જોઈએ. યુગઋષિનું આ વાક્ય સાધકની સ્મૃતિમાં રહેવું જોઈએ કેઃ-

**મનુષ્ય પરિસ્થિતિઓનો દાસ નહીં, બલ્કે તેનો નિર્માતા, નિયંત્રણ કર્તા અને સ્વામી છે.**

આ વાત પણ કેટલીક હદ સુધી ઠીક છે કે વાતાવરણનો પ્રભાવ મનુષ્ય પર પડે છે. બાળક આસપાસના વાતાવરણ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે. સ્કૂલના વાતાવરણમાં તેઓ ભણવા લાગે છે, રમતના વાતાવરણમાં રમવા લાગે છે, સેવાના વાતાવરણમાં સેવા કરવા લાગે છે, વગેરે. પરંતુ એની સાથે એ વાસ્તવિકતા પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે જે વાતાવરણથી બાળક અથવા સામાન્ય લોકો પ્રભાવિત થાય છે, તે વાતાવરણ પણ કેટલાક સંકલ્પશીલ મનુષ્યો દ્વારા જ બનાવવામાં આવ્યું હોય છે. શોધદૃષ્ટિ દ્વારા એ પરિણામ જોવામાં આવ્યું છે કે વિકસિત-પ્રૌઢ મનોભૂમિ વાતાવરણ બનાવે છે અથવા તેને પરિપુષ્ટ કરે છે તથા અવિકસિત માનસિકતાવાળા લોકો એનાથી પ્રભાવિત થાય છે, એની પર નિર્ભર રહે છે.

સમર્થનમાં સર્જન શિલ્પીઓ, સર્જન સૈનિકોનું પોતાનું સ્તર અનગઢ પ્રવાહમાં વહી જનારા જેવું નહીં, વાતાવરણને ઈચ્છિત સ્વરૂપ આપનારાઓ જેવું બનાવવું જોઈએ. પ્રાણવાન વ્યક્તિઓનું ચિંતન ચરિત્ર અને વ્યવહાર પોતાની અનુરૂપ વાતાવરણ ઘડવામાં સમર્થ હોય છે. થોડાક સંગીતજ્ઞ પોતાના પ્રયાસોથી વાતાવરણને સંગીતમય બનાવી લે છે અને મોટી સંખ્યામાં લોકો એનાથી પ્રભાવિત થવા લાગે છે. થોડાક ક્રાંતિકારીઓ તથા સત્યાગ્રહીઓએ દેશમાં સ્વતંત્રતા આંદોલનનો પ્રચંડ પ્રવાહ ઉત્પન્ન કર્યો હતો. જો દરેક ક્ષેત્રમાં સર્જન શિલ્પી ઉપરોક્ત સૂત્ર અનુસાર વાતાવરણ બનાવવાની પોતાની ક્ષમતા વિકસિત કરી લે, તો સમાજમાં સારુ વાતાવરણ નિર્માણ કરવાની એક પ્રખર લહેર ઉત્પન્ન કરી શકાય છે.

યુગઋષિએ યુગ સાધકોનું ધ્યાન આ વાસ્તવિકતાની તરફ વારંવાર આકર્ષિત કર્યું છે કે દુર્ગુણોના દુઃખડા રોવાથી સમસ્યાનું સમાધાન નથી મળતું. એના માટે તો પ્રવાહને બદલનારો પ્રયાસ જ કરવાનો હોય છે. ગાયત્રી, યજ્ઞ, સંસ્કાર પ્રક્રિયા વગેરે પર થોડા વર્ષ પહેલાં સુધી જે અનગઢ-અનઈચ્છિત પ્રતિબંધ લાગ્યો હતો, તેની નિંદાથી શું વાત બનશે? ધર્મક્ષેત્રના મૂર્ધન્ય શું કરે છે, શું કહે છે, એની ચિંતા છોડી સત્પાત્રોને પ્રેરણા-પ્રોત્સાહન-તાલીમ આપવાનો ક્રમ અપનાવવાથી જોત-જોતામાં વાતાવરણ બદલાઈ ગયું. સામાન્ય સ્તરના સ્ત્રી-પુરુષોએ પરિવર્તન લહેર ચલાવી તો વાતાવરણ બદલાઈ ગયું. ગાયત્રી, યજ્ઞ, સંસ્કાર વગેરે પરથી પ્રતિબંધ હટી ગયો અને તેને જન-જન સુધી પહોંચાડવાની વ્યવસ્થા બનવા લાગી.

કડવાશ, ગંદકી, દેખાડો, વ્યસન તથા અભદ્રતાની ફરિયાદ કરવાની જગ્યાએ મધુરતા, સાદગી તથા સજ્જનતા માટે જન-જનને પ્રેરિત-પ્રશિક્ષિત, પ્રોત્સાહિત કરવાનો ક્રમ ચલાવવાથી સમાજનું વાતાવરણ એની અનુસાર ઢળવા લાગશે.

**મધુરતાઃ**-આત્મીયતા, સંવેદના, સહૃદયતાના પ્રભાવથી મધુરતા ઉત્પન્ન થાય છે. સૌના હિતમાં પોતાનું હિત સમજવાવાળો સાધક પોતાનું ચિંતન, વચન અને વ્યવહારમાં જ્યાં પોતાની અંદરના આ ભાવોને વ્યક્ત કરવાની કળા સાધી લે તો એ જ વાતાવરણમાં મધુરતાનો સંચાર થવા લાગે છે.

**સ્વચ્છતા** મનુષ્યને પસંદ છે. પરંતુ એક અજબ પ્રકારની માન્યતા સમાજમાં ઘર કરી ગઈ છે. મોજ-મસ્તી કરીને ગંદકી ફેલાવવા વાળાને સન્માનનીય માનવામાં આવે છે અને એ ગંદકીનું નિવારણ કરનારાને અસન્માનિત અથવા ઉપેક્ષિત કરવામાં આવે છે. સ્વચ્છતાને સૌથી શ્રેષ્ઠ સૌંદર્ય માનવામાં આવે છે. સૌંદર્ય ઉત્પન્ન કરવાવાળો સ્વચ્છતા માટે પ્રયાસ કરવાવાળાને જીવન સૌંદર્યનો મૌલિક કલાકાર માનીને તેને સન્માન આપવું જરૂરી છે. મહાત્મા ગાંધી જીવનભર આ દિશામાં પ્રયાસ કરતા રહ્યા. સ્વચ્છતાને તેઓ એક લલિત કળાની ઉપમા આપતા રહ્યા. એમની અનુસાર સ્વચ્છતા કરવાવાળા વ્યક્તિના સાધન અને તેમની વેશભૂષા પણ એટલી સ્વચ્છ હોવી જોઈએ કે તે મનુષ્ય સ્વચ્છતા પસંદ સ્વભાવને ક્યાંય પણ ખટકે નહીં.

**સાદગી**-એ ગુણ છે, જે મનુષ્યને અપવ્યય ફેશનના બાળકપણા તથા હૃદયહીન પ્રદર્શન તેમજ વ્યસનોથી બચાવે છે. ઉચ્ચ વિચારોને જીવનમાં ધારણ કરવા એમના માટે સંભવ હોય છે, જે સાદગીને શાન સમજે છે. જેને પોતાની આંતરિક શ્રેષ્ઠતા પર ભરોસો હોય છે, તે પ્રદર્શન દ્વારા પોતાને શ્રેષ્ઠ દેખાડવાના બાળકપણાનો પ્રયાસ નથી કરતો. સાદગીથી વિનમ્રતા તેમજ સંતોષની પ્રવૃત્તિનો પણ વિકાસ થાય છે.

**સજ્જનતા**-શાલીનતાને મનુષ્યનું સર્વશ્રેષ્ઠ આભૂષણ કહેવામાં આવ્યું છે. આ સજ્જનતા કેવળ બાહ્ય શિષ્ટાચાર સુધી સીમિત નથી હોતી, એની ઉંડાઈ મનુષ્યને સદાચારો અને સંસ્કારો સુધી થવાથી વાત બને છે. યુગ સૈનિકોને એના માટે પોતાને તૈયાર કરવા જ જોઈએ. આ સત્પ્રવૃત્તિઓના વિકાસનો પ્રયાસ મનુષ્યમાં દેવત્વને વિકસિત કરવામાં ખૂબ જ સહાયક સાબિત થાય છે.

### સૂત્ર ક્રમાંક-૯

**અનીતિથી પ્રાપ્ત સફળતાની અપેક્ષા નીતિ પર ચાલતા અસફળતાને સ્વીકાર કરીશ.**

આ સૂત્ર સાધકને માયાઠગનીના સંમોહનથી બચાવવાની ક્ષમતા રાખે છે. ઈશ્વરે મનુષ્યને પોતાનો સહયોગીના રૂપમાં બનાવ્યો છે. ઈશ્વર સર્વવ્યાપી અને ન્યાયકારી છે. એના સહયોગીને પોતાના નિર્માતા પ્રત્યે વફાદાર હોવું જોઈએ. નીતિ માર્ગ પર ચાલતાં પોતાની પ્રામાણિકતા સાબિત કરવી જોઈએ.

ઈશ્વર માયાના માધ્યમથી મનુષ્યની પરીક્ષા લેતો રહે છે. તેને આકર્ષક પ્રલોભન લાલચ દેખાડી એની વફાદારી પ્રામાણિકતાને ઓળખવામાં આવે છે. લાલચી વ્યક્તિ પોતાના વિવેકને ગુમાવી દે છે અને ઈશ્વરના સહયોગીની પોતાની મહાન ગરિમાને ભુલાવીને પ્રલોભનોમાં ભટકી જાય છે. પ્રાચીનકાળમાં રાજા તથા મંત્રીગણ કોઈ મહત્ત્વપૂર્ણ નિયુક્તિના ક્રમમાં આવેદકોની પ્રામાણિકતાની પરીક્ષા લેતા રહ્યા છે. આજે પણ ગુપ્ત વિભાગમાં એડમિશન લેનારાઓની પ્રમાણિકતાની સૂક્ષ્મ પરીક્ષાઓ લેવામાં આવે છે. જો એ પરીક્ષાઓમાં પાસ થઈ જાય છે, તે જ મોટો અધિકાર મેળવવામાં સફળ થાય છે. એટલા માટે મનુષ્યના માટે ઈશ્વરે જે શાંતિ, સંતોષ, ગરિમાબોધ જેવી ઉચ્ચ સ્તરીય વિભૂતિઓ નક્કી કરી છે, તે તેને જ પ્રાપ્ત થાય છે, જે મનુષ્યતાની નીતિ નિષ્ઠાની કસોટી પર સાચો સાબિત થાય છે.

આજે સમાજમાં જે દુઃખો-તકલીફો, તણાવ, ડિપ્રેશન વગેરેની બોલબાલા દેખાય છે, તેમાં ઘણાખરાની પાછળ મનુષ્યના ચિંતન તથા આચરણની અનૈતિકતાને જ જોઈ શકાય છે. જેમના યોગ્ય અધિકાર છીનવાઈ ગયા છે, તે તો દુઃખી રહે જ છે, જેમણે છીનવી લીધા છે, તે તણાવ તથા ઉદ્વિગ્નતાથી પીડાતા દેખાય છે.

માનવ અધિકારો (હ્યુમન રાઈટ્સ)ની ચર્ચાઓ આજે ખૂબ થાય છે. જેમને એમનાથી વાસ્તવમાં પ્રેમ હોય, તેને સૌને એમના યોગ્ય અધિકાર આપવા-અપાવવાની સૂઝબૂઝ અને સાહસિકતા પોતાની અંદર પેદા કરવી જ જોઈએ. થોડુંક ધન, યશ તથા પદના લાલચમાં જો બીજાના યોગ્ય અધિકારોનું હનન કરવાની આદત ન છૂટી તો માનવાધિકાર કેવળ ચર્ચાના, ગાલ વગાડવાનો જ વિષય રહી જશે. જેમની અંદર સુખ-સુવિધાઓની લાલચને નકારી, નીતિ સદાચારના પક્ષમાં ચાલવાનું સાહસ હશે, તે જ માનવીય અધિકારોની સાથે ન્યાય કરવાનું ગૌરવ સુખ અનુભવ કરી શકશે.

કબીરના જીવનની અમુક ઘટનાઓ આ સંદર્ભમાં સહાયક સિદ્ધ થઈ શકે છે. તેઓ ફકીરીમાં પણ મસ્તીથી રહેતા હતા. એમનું કહેવું હતું કે

**સાંઈ ઈતના દીજિએ, જામે કુટુંબ સમાય**
**મૈં ભી ભૂખા ના રહૂઁ, અતિથિ ન ભૂખા જાય**

કહે છે શૈતાને એમની પર ખોટી નજર નાખવાનો પ્રયાસ કર્યો. કહ્યું થોડુંક ભેગું કરી લો, નહીં તો ક્યાં રહેશો? શું ઓઢશો? શું ખાશો? કબીર હસ્યા અને બોલ્યા-તને શું પડી છે? હું સ્મશાનમાં રહીશ, કફન ઓઢીશ અને માટી ખાઈશ. બોલ તારે શું કહેવું છે? ઈતિહાસ સાક્ષી છે કે શૈતાન હારી ગયો, કબીર જીતી ગયો. તેમણે ખાવા, પહેરવા, રહેવાની તો ઉણપ પડી જ નહીં. યશ, સંતોષ વગેરે પણ ભરપૂર મળ્યા.

યુગઋષિનું કહેવું છે કે મનુષ્ય અનીતિ કરીને જે સફળતાઓને મેળવવાની વાત કરે છે, તે સફળતાઓ ભ્રમ માત્ર હોય છે. ઉપરથી ભલે તે સંપન્ન સુખી દેખાતા હોય, અંદરથી તેને પ્રેતોની જેમ બળતા, બાળતા, ડરતા, ડરાવતા જ જીવન વિતાવવું પડે છે. યુગઋષિથી, યુગનિર્માણ યોજના સાથે જોડાયેલ દરેક વ્યક્તિનો દૂરદર્શી વિવેક અને સત્સાહસ જાગૃત હોવો જોઈએ. તેને ઈશ્વરીય યોજનામાં ઈશ્વરના પ્રિય વિશ્વાસપાત્રના રૂપમાં સ્થાપિત થવા માટે ઉપરોક્ત સૂત્રને અપનાવવાનું સાહસ અને વિવેક દેખાડવા જ જોઈએ.

### સૂત્ર ક્રમાંક-૧૦

**મનુષ્યના મૂલ્યાંકનની કસોટી એની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓને નહીં, એના સદ્‌વિચારો અને સત્કર્મોને (સદ્‌કાર્યોને) માનીશું.**

આ સૂત્ર પાછલા સૂત્ર(ક્ર.-૯)નું પૂરક સૂત્ર છે. ઈશ્વરે મનુષ્યને પ્રતિભા સંપન્ન બનાવ્યો છે. દરેક મનુષ્યની સ્વાભાવિક ઈચ્છા એ હોય છે કે તે પણ સમાજની દૃષ્ટિમાં પ્રતિભા સંપન્ન સાબિત થાય. સમાજમાં મૂલ્યાંકનની જે કસોટીઓ પ્રચલિત થાય છે મનુષ્ય તેની પર શ્રેષ્ઠ સાબિત થવા માંગે છે. આજના સમાજમાં મનુષ્યના મૂલ્યાંકનની કસોટીઓ ખૂબ જ અનગઢ છે. જેને થોડા સમયમાં ખૂબ ધન, પદ, નામ વગેરે કમાઈ લીધા છે, તેને પ્રતિભા સંપન્ન મોટો આદમી માની લેવામાં આવે છે. તેને આ બધુ કેવી રીતે મેળવ્યું અને એનો શું ઉપયોગ કર્યો. એની પર ધ્યાન ઘણાખરાનું જતું નથી. એટલા માટે ઘણાખરા લોકો આ આંધળી દોડમાં સામેલ થઈને પોતાનું મૂલ્યાંકન વધારવા માટે એડી-ચોટીનું જોર લગાવતા રહે છે.

જો આપણે વિવેકનો થોડો પણ પ્રયોગ કરીએ તો વાત સ્પષ્ટ થઈ જાય છે. ઈતિહાસ જોઈશું તો રાક્ષસોની પાસે પણ સફળતાઓ, યોગ્યતાઓ તથા વિભૂતિઓ ઓછી ન હતી. જો મનુષ્યનું મૂલ્યાંકન આનાથી જ કરવામાં આવે તો રાવણ, કંસ વગેરેને શ્રેષ્ઠ મનુષ્ય માનવા પડશે. પરંતુ આવી ભૂલ કરી ન શકાય, તેમને મનુષ્યતાને કલંકિત કરનારા રાક્ષસ કહેવામાં આવ્યા, ભલે તે ઉચ્ચકુળમાં પેદા થયા હોય? એમનું અનુગમન કોઈ નથી કરવા માંગતું.

વાસ્તવમાં મનુષ્યતાનું મૂલ્યાંકન સફળતાઓ, યોગ્યતાઓ તથા વિભૂતિઓની માત્રાના આધાર પર નથી કરવામાં આવતું; એની સાથે બે પ્રશ્ન જોડાયેલા રહે છેઃ- (૧) તેનાથી તેને મેળવ્યું કેવી રીતે તથા (૨) તેનો ઉપયોગ કયા પ્રયોજન માટે, કેવી રીતે કરવામાં આવ્યો?

કેવી રીતે મેળવ્યું એ એના સદ્‌વિચારો પર નિર્ભર કરે છે તથા કેવો ઉપયોગ કર્યો એ એના સત્કર્મોથી આંકવામાં આવે છે. જો સદ્‌વિચારો અને સત્કર્મોથી મૂલ્યાંકન કરવામાં આવે તો સફળતાઓ, યોગ્યતાઓ, વિભૂતિઓની દિશા કલ્યાણકારી બની રહેશે. નહીંતર એની દિશા ભટકશે અને દુરુપયોગથી દુર્ગતિના અભિશાપને સહન કરવો જ પડશે.

ઘટનાઓની સફળતાથી વધારે મહત્ત્વ છે જીવનની સફળતાનું. ઝાંસીની રાની ઝાંસીને બચાવવામાં ક્યાં સફળ થઈ? સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર, ભગતસિંહ વગેરે ભારતને આઝાદ ક્યાં કરાવી શક્યા? આ હિસાબથી તો તેઓ સૌ અસફળ કહી શકાય છે. પરંતુ તેઓ તમામ સફળતમ જીવનના ધની કહેવાયા. કારણ એ જ છે કે નાની-મોટી ઘટનાઓને જીવન સફળતાની અપેક્ષા જીવનની સફળતાઓનું મૂલ્યાંકન આધાર માનવામાં આવે છે.

ઈતિહાસના ઉપરોક્ત શિક્ષણને ધ્યાનમાં રાખીને યુગ સૈનિકોએ પણ આ પ્રયાસ કરવો જોઈએ કે સમાજમાં મનુષ્યની મૂલ્યાંકનની અનગઢ કસોટીઓ બદલી, ફરીથી શ્રેષ્ઠ કસોટીઓ લાગૂ કરવામાં આવે. તો દરેક પ્રતિભાવાનનો પ્રયાસ પુરુષાર્થ સાચી દિશામાં ચાલી પડે તો, યુગ નિર્માણ માટે મજબૂત આધાર બની જશે. ❖

**ક્રોધ એક પ્રકારનું પાગલપન છે. જેનાથી સત્સંકલ્પોનો નાશ થાય છે.**

# વિરાટ પુસ્તક મેળો તથા પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન

**ગાયત્રી શક્તિપીઠ-રૈયારોડ, રાજકોટ (ગુજરાત)**

તા-3 જાન્યુઆરી-૧૦ થી તા-૭ જાન્યુઆરી-૧૦ સુધી ગાયત્રી શક્તિપીઠ રૈયારોડ રાજકોટ ખાતે શ્રી લેઉવા પટેલ સમાજ વાડી, વાણીયાવાડી પરિસરમાં વિરાટ પુસ્તક મેળો તથા પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું.

આ પુસ્તક મેળો તથા પ્રજ્ઞા પુરાણ કથાના ઉદ્દ્‌ઘાટન સમયે શહેરના પ્રથમ નાગરિક અને મેયર સુશ્રી સંધ્યાબેન વ્યાસ, અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, મુખ્ય મહેમાન જિલ્લા શિક્ષણાધિકારી શ્રી કે.ડી. બગડા સાહેબ, સર્વોદય શૈક્ષણિક સંકુલના શ્રી ભરતભાઈ ગાજીપરા, મહાત્મા ગાંધી સંકુલના શ્રી રાજુભાઈ પરીખ, સ્વામીનારાયણ ગુરુકુળના શ્રી વી.ડી. વઘાસીયા, મથુરા યુગ નિર્માણ યોજનાના પ્રતિનિધિ ડૉ.રાજેન્દ્રકુમાર, બારદાનવાલા કન્યા વિદ્યાલયના પ્રિન્સીપાલ શ્રી મધુબેન ખુંટ, ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી શ્રી માંડણભાઈ ગોરાણીયા તથા શ્રી જે.જે. યાદવ, ગૌતમ વિદ્યાલયના શ્રી પંચોલી સાહેબ, મોદી શૈક્ષણિક સંકુલના શ્રી રશ્મિકાંતભાઈ મોદી, નગર પ્રા.શિ.સમિતિ રાજકોટના ચેરમેનશ્રી માવજીભાઈ ડોડીયા, પાઠક વિદ્યા સંકુલના શ્રી વસંતભાઈ પાઠક, શ્રેયસ વિદ્યાલયના શ્રી રૂગનાથ ભાઈ દલસાણીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



બાળકોને પુરસ્કાર આપી રહેલ મેયર સુશ્રી સંધ્યાબેન વ્યાસ

આ પુસ્તક મેળાના ઉદ્દ્‌ઘાટક મેયર સુશ્રી સંધ્યાબેન વ્યાસે માંગલિક પ્રવચનમાં જણાવ્યું કે પરમ પૂજ્ય શ્રીરામ શર્મા આચાર્યજીએ તમામ વિષયોને સ્પર્શતા પુસ્તકો લખ્યા છે. મારી જ્ઞાનપિપાસુ લોકોને વિનંતી છે કે આમાંથી એવા પુસ્તકો પસંદ કરી વાંચો જેનાથી આજની વિકટ સમસ્યાઓ જેવી કે પર્યાવરણની શુદ્ધિ, કુદરતી સંપત્તિનો સમતોલ ઉપયોગ, ઉન્નત જીવનની પ્રાપ્તિ, સફળ દાંપત્યજીવનની પ્રાપ્તિ, નિરોગી જીવન અને આત્મશુદ્ધિ માટે વિચારક્રાંતિ અને સમાજ તથા રાષ્ટ્ર ઉન્નત બને તેવા કાર્ય કરવાની પ્રેરણા મળે તેમજ નારી ઉત્થાન પર ભાર મુક્યો હતો.

અધ્યક્ષ સ્થાને શ્રી ગોવિંદભાઈ પટેલ ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે આચાર્યજીએ તેમના જીવનકાળ દરમ્યાન સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે શંખનાદ કરી વિચારક્રાંતિની ઘોષણા કરી હતી. બાળકોમાં જ્ઞાન પિપાસા વધે તે માટે સરકારશ્રીએ તમામ શાળાઓમાં પુસ્તકાલયોમાં વાંચન સપ્તાહ દ્વારા રાજ્યની ૨૦ હજાર માધ્યમિક શાળાઓ અને વીસ લાખ બાળકોમાં આ ગુરુદેવનું સત્સાહિત્યનુ વાંચન થાય તે માટે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં આ આયોજન કરેલ છે. જીવન જીવવાની કળા, વિવિધ વિદ્યા અને કળાઓના પુસ્તકો, યુવા પેઢીને માર્ગદર્શન, પરિવારમાં સ્વર્ગનું અવતરણ, વિજ્ઞાન અને અધ્યાત્મ પરસ્પર પુરક વગેરે સાહિત્યનું નિર્માણ કરી સમાજ સેવા કરેલ છે. આ સિલસિલાને ગાયત્રી પરિવાર આગળ ધપાવે છે જે ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તક મેળામાં રાજકોટ શહેરની શૈક્ષણિક સંસ્થાઓના બાળકોએ મુલાકાત લીધી હતી. તમામ તાલુકાના પ્રતિનિધિઓ શ્રી ભરતસિંહ જાડેજા, શ્રી લાલજીભાઈ ગોટી, શ્રી બી.બી.ભીમજીયાણી, શ્રી વી.ડી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પુસ્તક મેળામાં છાત્રઉપયોગી ૧૮૦૦૦ સેટ તથા ગુરુદેવનું સદ્‌સાહિત્ય કુલ ૧૧,૫૦,૦૦૦/-રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું હતું.

પુસ્તક મેળાની સાથે પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. જેનું વ્યાસપીઠ પરથી શ્રીમતી મીનાક્ષીબેન પટેલે કરાવી હતી.



વિરાટ પુસ્તક મેળાનું ઉદ્દ્‌ઘાટન કરી રહેલ કથાકાર મીનાક્ષીબેન પટેલ, પુસ્તક મેળામાં યુગસાહિત્ય ખરીદી રહેલ પરિજનો તથા વિદ્યાર્થીઓ (રાજકોટ)

આ કાર્યક્રમમાં મહેમાનશ્રીઓનું સ્વાગત શ્રી ધાફાણીભાઈ, મંત્રીશ્રી ગાયત્રી શક્તિપીઠ અને આભારવિધિ શ્રી બી.કે.સીદપરા સંયોજક (ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા)એ કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ધનજીભાઈ ગજેરા, શ્રી બી.કે. મહેતા, શ્રી અતુલભાઈ જાની, ધીરુભાઈ ટીંબડીયા, શ્રી વસંતભાઈ મણવર, શ્રી કટેશીયા ભાઈ,શ્રીમતી રમાબેન સીદપરા, શ્રીમતી રંભાબેન ઠુંમર, શ્રીમતી જમનાબેન ડોબરીયા, શ્રીમતી હિનાબેન કટેચા, શ્રીમતી ઈલાબા યાદવ, શ્રીમતી પુષ્પાબેન તથા રાજકોટ શહેરના તમામ ગાયત્રી મહિલા મંડળો, પ્રજ્ઞા મંડળો તથા તમામ શાખાઓએ ભારે મહેમત કરી હતી. ❖



પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન કરી રહેલ પરિજનો તથા રસપાન કરાવી રહેલ મીનાબેન

# શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથા-જ્ઞાનયજ્ઞ

**ગાયત્રી મહિલા મંડળ**
**સેટેલાઈટ-બોડકદેવ શાખા**

તા-૨૪ ડિસેમ્બર-૦૯ થી તા-૨૮ ડિસે.૦૯ સુધી સેટેલાઈટ ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથા-જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું.

તા-૨૩ ડિસેમ્બરના દિવસે આ કાર્યક્રમની શરૂઆત ભવ્ય શોભાયાત્રા દ્વારા કરવામાં આવી હતી. જેમાં ટ્રેકટર, ઉંટલારી, પગપાળા, બેન્ડવાજા સાથે વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા. શોભાયાત્રા નેસ્ટ બંગલોઝથી નિકળીને કથાના સ્થળે ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં સાંજે પરત ફરી ત્યારે સૌને આનંદની અનુભૂતિ થઈ હતી.

આ પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી યોગેશભાઈ શર્મા, સંગીતકાર શ્રી વૃજમોહન મહતો અને રાજકુમાર ભૃગુએ કરાવ્યું હતું. સંગીત ટોળીએ સુરીલું સંગીત રેલાવી તમામ શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા. તમામ પરિજનોએ આ કથાની સાથે યજ્ઞમાં આહુતિ આપીને પોતાને ધન્ય થયાનો અનુભવ કર્યો હતો.



પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન કરી રહેલ પરિજનો તથા રસપાન કરાવી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી યોગેશભાઈ

કથા દરમ્યાન રોજ સવારે -ધ્યાન સાધના, યોગ-વ્યાયામ શિખવવામાં આવ્યા. રોજ સવારે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં વિશેષ આહુતિઓ આપવામાં આવી.

યજ્ઞ દરમ્યાન વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચાલ્યો. જેમાં ૨૨૫ લોકોએ ગુરુદીક્ષા લીધી, ૨૦ બહેનોના પુંસવન સંસ્કાર કરાવ્યા, ૩૦૦ બાળકોના વિદ્યારંભ સંસ્કાર કરાવવામાં આવ્યા. ત્રણ દિવસ સુધી કથામાં પરમ પૂજ્ય ગુરુદેવના સશક્ત વિચારોએ બુદ્ધિજીવી વર્ગના લોકો પર ખૂબ જ પ્રભાવશાળી અસર પડી. દરેક દિવસે શ્રોતાઓની ભીડ વધતી જ ગઈ. આજની ભૌતિકતાની દોડમાં આધ્યાત્મિક પ્રત્યે લોકોની રુચિ જોઈને ગાયત્રી પરિવારના પરિજનોએ આનંદની લાગણી અનુભવી હતી. મહાકાલની સવારીમાં સામેલ થવાનો બધાને દિવ્ય આનંદ મળ્યો. આ સેટેલાઈટ જેવા ધનિક સાધન સંપન્ન વિસ્તારમાં એક ચમત્કાર થયો, કે વિશાળ જનમેદની ઉમટી પડી હતી.સાક્ષાત મહાકાલની અનુભૂતિ સૌને થઈ. વિદાય વખતે સૌની આંખોમાં આંસુ આવ્યા હતા. ભવ્ય વિદાય આપવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સેટેલાઈટ તથા બોડકદેવ શાખાના ગાયત્રી મહિલા મંડળની બહેનોમાં શ્રીમતી તારાબેન, નયનાબેન, ધર્મિષ્ઠાબેન, હંસાબેન તથા ચંદ્રકાંતભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. ❖

# નવી પ્રથાનો આરંભઃ-મૃતકભોજ નહીં જ્ઞાનયજ્ઞમાં બ્રહ્મભોજ

**મેઘાણીનગર (અમદાવાદ)**

તા-૧૧ ડિસેમ્બરના દિવસે શ્રીમતી ગંગાબેનનું નિધન થયું હતું. તેમની માત્ર ત્રણ દિકરીઓ શ્રીમતી મીનાબેન, રમીલાબેન તથા મધુબેન હતી. આ ત્રણ બહેનોને ભાઈ ન હતો. આ ત્રણે દિકરીઓના પિતાશ્રી નાની ઉંમરમાં જ નિધન પામ્યા હતા. જેથી માતાએ આ ત્રણે દિકરીઓનો ઉછેર કઠોર મહેનત કરીને ઉછેરી હતી, માતાએ પોતાની જવાબદારી સંભાળી હતી. તેમની પાછળ કોઈ મૃતકભોજ ન કરતાં બ્રહ્મભોજ(જ્ઞાનયજ્ઞ) કરાવ્યું. આ ત્રણે દિકરીઓએ ઝોલા પુસ્તકાલય રૂપે ૫૦૦૦/-હજાર રૂપિયા બ્રહ્મભોજની અંતર્ગત જ્ઞાનયજ્ઞ માટે સમર્પિત કર્યા. પૂજ્યવરનું સાહિત્ય (જ્ઞાનયજ્ઞ)ના માધ્યમથી હજારો વ્યક્તિઓને દિવ્ય પ્રેરણા મળશે. ❖

**પરમાત્મા પ્રત્યે જ્યારે ભક્તિ ઉભરાવા લાગે છે ત્યારે ભક્તિ વ્યક્તિ પ્રત્યેના મોહનું સ્થાન પ્રેમ લઈ લે છે.**

# જન્મશતાબ્દીના ઉલ્લાસની સાથે સંચાલિત થઈ રહેલ વિવિધ અભિયાન

## મહેસાણામાં વિરાટ પુસ્તક મેળો યોજાયો

**ગાયત્રી શક્તિપીઠ મહેસાણા**

તા-૧૪ ડિસેમ્બર થી તા-૨૦ ડિસેમ્બર-૦૯ સુધી ગાયત્રી પરિવાર મહેસાણા દ્વારા નગરના ધમધમતા સ્ટેશન રોડ વિસ્તારમાં, તોરણવાળી માતા હોલ ખાતે વિરાટ યુગ સાહિત્ય પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું.

બહેનો સવારે ૯.૦૦ વાગ્યાથી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી સતત સેવા આપતી હતી.

કોલેજના વિદ્યાર્થીઓ, વિદ્વાનો, પુસ્તકાલયો તેમજ કર્મચારીઓએ આ પુસ્તક મેળાનો લાભ લીધો હતો. જે પરમ પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ શક્તિનો પ્રભાવ હતો.



પુસ્તક મેળાનું ઉદઘાનટ કરી રહેલ ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ તથા સચ્ચિદાનંદજી તથા દીપયજ્ઞમાં સંસદસભ્ય સુશ્રી જયશ્રીબેન પટેલ ઉપસ્થિત રહ્યા

આ પુસ્તક મેળાનું ઉદ્દ્‌ઘાટન સ્વામી શ્રી સચ્ચિદાનંજી મહારાજ, ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલ, જ્ઞાનપીઠના વ્યવસ્થાપક શ્રી રાજેન્દ્ર બાબુ, ગુજરાત ઝોનના કન્વીનર શ્રી રાજુભાઈ દવે અને ગણપત વિદ્યાનગર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી પી.આઈ.પટેલ સાહેબે દીપ પ્રગટાવીને કર્યુ હતું.

પરિવારની બહેનોએ દરેક કચેરીઓમાં, બજારમાં જઈ પુસ્તક સેટનું વેચાણ કર્યુ હતું અને એક હજાર ઝોલા સ્થાપના જેમાં ૧૦૦૦રૂપિયાનું સાહિત્ય ૫૦૦ રૂપિયામાં આપ્યું હતું. ૮૦ રૂપિયાનો ઝોલો દરેકને પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં ભેટ આપવામાં આવ્યો હતો.



પુસ્તક મેળામાં સચ્ચીદાનંજી સાથે ડૉ.રાજેન્દ્રકુમાર તથા પુસ્તક ખરીદતા પરિજનો

વેદ, ઉપનિષદ અને વાંગ્મય સહિત તમામ પુસ્તકોનું ૫૦% કિંમતે બ્રહ્મભોજમાં વેચાણ કરવામાં આવ્યું. જેમાં ભારતમાં સૌથી વધારે ૬૫૦ વેદના સેટનું વેચાણ ૫૦% કિંમતે કરવામાં આવ્યું હતું. જેથી વીસ લાખની કિંમતના સાહિત્યના વેચાણનો સંકલ્પ પૂર્ણ થયો હતો.

આ પુસ્તક મેળાની બીજી વિશેષતા એ હતી કે સમગ્ર પુસ્તક મેળાનું સંચાલન લગભગ ૨૫૦ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. લગભગ ૧૦૦

પુસ્તક મેળાનું સમાપન સુશ્રી જયશ્રીબેન પટેલ સંસદસભ્ય તેમજ નગર પાલિકાના અધ્યક્ષ શ્રી ગીરીશભાઈ રોજગોર અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી દશરથભાઈ પટેલના યજમાનપદે ગાયત્રી દીપ મહાયજ્ઞ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રાંતના વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી શ્રી દિલીપભાઈ ત્રિવેદી પણ પુસ્તક મેળાના ઉદ્દ્‌ઘાટન તેમજ સમાપનમાં પધાર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેસાણા ગાયત્રી પરિજનોએ ભારે મહેનત કરી હતી. ❖

## પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ શૃંખલા

**દહેગામ (ગાંધીનગર)**

પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી અંતર્ગત દહેગામ ગાયત્રી શક્તિપીઠના પરિજનોએ આસપાસના ગામડાઓમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞની શૃંખલા ચલાવી છે. જેની અંતર્ગત એમ.આર.ઠાકર હાઈસ્કૂલ વાસણા ગામના આયોજક-આચાર્ય શ્રી વિષ્ણુભાઈ બી.પટેલ, સહયોગી-શ્રી રાજેન્દ્રભાઈ વ્યાસ તથા સલાહકાર-શ્રી સુરેશભાઈ કે.ઠાકરના સહકારથી પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું.

ગામના લોકોને પરમ પૂજ્ય ગુરુદેવના તપ, ત્યાગ, તિતિક્ષા, જન્મભૂમિ-આંબલખેડા, તપોભૂમિ-મથુરા, કર્મભૂમિ-શાંતિકુંજ, હરિદ્વાર વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી. અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય તથા વિચાર ક્રાંતિ અભિયાનની જાણકારી આપવામાં આવી. જીવનમાં યજ્ઞનું મહત્વ તથા જીવન યજ્ઞ, જીવન સાધના, ગાયત્રી મંત્ર વિશે સમજ આપવામાં આવી.

આ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ૫૦ કુવારી કન્યાઓને તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને યજ્ઞમાં બેસાડી યજ્ઞમાં વિશેષ આહુતિઓ આપવામાં આવી. આ તમામ બાળકોને મંત્રલેખન બુક તથા સાધનામાં પ્રાણ આવી જાય તો કમાલ થઈ જાય, ગાયત્રી બીજ મંત્રનું રહસ્ય પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું. યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

યજ્ઞના અંતમાં સૌની આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. ❖

## ૧૩ મો સર્વજ્ઞાતિય સામૂહિક આદર્શ લગ્ન

**ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ ભાતવાડી, વરાછા રોડ-સુરત**

તા-૧૩ ડિસેમ્બર-૦૯ના દિવસે ભાતવાડી વરાછા રોડ સુરતમાં ૧૩ મો સર્વજ્ઞાતિય સામૂહિક આદર્શ લગ્ન સંસ્કાર રાખવામાં આવ્યા હતા. જેમાં ૬૫ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ નવદંપતિઓએ વૈદિક વિધિ-વિધાન સાથે ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કર્યો હતો. આ દરેક નવદંપતિઓને ગૃહસ્થ ધર્મને લગતા સત્સાહિત્ય-નો સેટ તથા કન્યા વિદાય વખતે માતાની શિખામણનું કળશચિત્ર તેમજ ઉપવસ્ત્ર વરકન્યાને અને દેવસ્થાપનાનો ફોટો ભેટ આપવામાં આવ્યો હતો.

આ લગ્ન સંસ્કાર સાથે બ્લડ ડૉનેશન કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૨૪ બોટલ બ્લડ એકઠુ કરવામાં આવ્યું. તેની સાથે સાથે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૧૦૦૧ નવા સભ્યો બનાવવાનો સંકલ્પ લીધો હતો તે પૂર્ણ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમની સફળતા માટે ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટના પરિજનોએ ભારે મહેનત કરી હતી. ❖

## શ્રીરામ યોગ કેન્દ્રનો આરંભ

**ગાયત્રી શક્તિપીઠ રાજકોટ**

તા-૨૭ ડિસેમ્બર-૦૯ના દિવસે રાજકોટ ગાયત્રી શક્તિપીઠ પર શ્રીરામ યોગ કેન્દ્ર તથા હોમિયોપેથીક મેડીકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે હોમિયોપેથીક સારવાર કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો છે.

શ્રીરામ યોગ કેન્દ્રનો શુભારંભ રાજકોટના મેયર સુશ્રી સંધ્યાબેન વ્યાસ તથા રાજકોટ હોમિયોપેથીક મેડીકલ કૉલેજના ડાયરેક્ટર શ્રીમતી રશ્મિબેન ખુબાણી (આ સમારંભના અધ્યક્ષ સ્થાને પધાર્યા હતા)એ કર્યો.

શ્રીરામ યોગ કેન્દ્રમાં કોઈપણ જાતની ફી રાખવામાં આવી નથી. દરેક દર્દીઓને નિ:શુલ્ક દવા તથા સારવાર આપવામાં આવશે. હોમિયોપેથીક દવાખાનામાં ડૉ.વિમલ એસ.રાચ્છ પોતાની સેવાઓ આપશે

આ કાર્યક્રમમાં સમાજ કલ્યાણ સમિતિના શ્રી દેવાંગભાઈ માંકડ, શીશુ કલ્યાણ તથા અગ્રિશામકદળ સમિતિના શ્રીમતી ભાગીરથી બેન લીંબડ, સૌરાષ્ટ્ર યુનીવર્સિટી-સિન્ડીકેટ મેમ્બર, એકેડેમીક વિભાગના શ્રી મેહુલભાઈ રૂપાણી, એડમિનીસ્ટ્રેટર, રાજકોટ હોમિયોપેથીક મેડીકલ કૉલેજના શ્રી આર.એસ.રાણપરા, હોમિયોપેથીક કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડૉ. બી.પી.પંડા, ભાજપ મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી બીનાબેન જે. આચાર્ય તથા શ્રીરામ યોગ કેન્દ્રના વ્યવસ્થાપક શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. ❖

## ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન

**દોલતાબાદ-તલોદ જિ. સાબરકાંઠા**

તા-૧૧ ઓક્ટોમ્બર-૦૯ના દિવસે દોલતાબાદ ગામમાં સાંજના સમયે ભવ્ય દીપયજ્ઞ તથા તા-૧૨ ઓક્ટોમ્બરના દિવસે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેની પૂર્વ તૈયારી માત્ર બે દિવસમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાંતિજ તાલુકો તેમજ તલોદ તાલુકાના ગાયત્રી પરિવારના પરિજનોએ પોતાની સેવાઓ આપી હતી. સ્થાનિક પરિજનોનો પણ સહકાર મળ્યો હતો.



આ મહાયજ્ઞનું સમગ્ર સંચાલન સાબરકાંઠા જિલ્લાના સક્રિય સંગઠક શ્રી મનહરભાઈ પટેલ તથા તલોદ તાલુકાના ગાયત્રી પરિવારના સંચાલક શ્રી દેવેન્દ્રભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચાલ્યો હતો. જેમાં નામકરણ સંસ્કાર-૬, વિદ્યારંભ-૫૪, પુંસવન-૨ તથા દેવસ્થાપના કરવામાં આવી હતી.

મહાયજ્ઞના આયોજકો દોલતાબાદ ગામના સર્વશ્રી જગતસિંહ સોલંકી, દૂધમંડળીના ચેરમેન, શ્રી રણજીતસિંહ સોલંકી, શ્રી રૂમાલસિંહ સોલંકી, શ્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ, શ્રી ગોવિંદ-ભાઈ પ્રજાપતિ તેમજ સમસ્ત ગામના યુવાનોએ સહકાર આપ્યો હતો.

તલોદ ગાયત્રી પરિવાર શાખાના શ્રી દિલીપભાઈ શાહની દેખરેખ હેઠળ પૂજ્ય ગુરુદેવના ક્રાંતિધર્મી યુગ સાહિત્યના સ્ટૉલ તેમજ વ્યસનમુક્તિ આંદોલનના પ્રદર્શનની વ્યવસ્થા સંભાળી હતી. જેનું સંચાલન શ્રી દિનેશભાઈ ચાંડક, શ્રી અમીતભાઈ ચાંડક, શ્રી અજીતભાઈ અને શ્રી મનોજભાઈ શાહે કર્યું હતું. આ પ્રદર્શની જોઈને ગામવાળા તરફથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો હતો. ❖

## જ્ઞાનયજ્ઞની સાથે ગાયત્રી મહાયજ્ઞના આયોજનો

**ગાયત્રી પરિવાર શાખા ઈન્ડીયા કૉલોની અમદાવાદ**

ઈન્ડીયા કૉલોની ગાયત્રી પરિવાર શાખાના પરિજનોએ ગુરુદેવના સાહિત્યને દર મહિને દસ હજાર રૂપિયાના સાહિત્ય વિતરણનો સંકલ્પ કરેલ છે. પરિવારના પરિજનો યુગ સાહિત્ય દ્વારા નવયુગના સર્જન માટે ઘરે-ઘેર જઈને વિતરણ કરી રહેલ છે. તેની સાથે ગામડે-ગામડે જઈને પંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવે છે. યજ્ઞમાં આહુતિ આપવા આવેલ દરેક પરિજનોના ઘરોમાં સાહિત્ય સ્થાપના તથા દેવ સ્થાપના કરવામાં આવે છે. નવા પરિજનોને ગાયત્રી મહામંત્રનું મહત્ત્વ સમજાવી ગાયત્રી મહામંત્રની દીક્ષા આપવામાં આવે છે. યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચાલે છે. આ રીતે ઈન્ડીયા કૉલોની ગાયત્રી પરિવારના શાખાના પરિજનો જન્મશતાબ્દી નિમિત્તે પૂજ્ય ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપી રહેલ છે. ❖

## શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન

**ઓગણજ-અમદાવાદ**

તા-૦૨ જાન્યુ.૧૦ થી તા-૬ જાન્યુ.૧૦ સુધી ઓગણજ ગામમાં શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. શિવ મહાપુરાણ કથાની સાથે પૂજ્ય ગુરુદેવ (મહાકાલ)ના વિચારોને જન-જન સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

આ કથાનું રસપાન ખોખરા ગાયત્રી પરિવારના બ્રહ્મવાદિની બહેન શ્રી રાજબાળા બહેન બ્રહ્મભટ્ટે કરાવ્યું હતું. કથા દરમ્યાન યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૧૨ સભ્યો બનાવવામાં આવ્યા. પાંચ હજાર રૂપિયાનું યુગ સાહિત્યનું વેચાણ થયું. ૧૦૦ બહેનોએ નિયમિત બલિવૈશ્વ યજ્ઞ કરવાનો સંકલ્પ લીધો તથા ૭૫ ભાઈઓએ પોતાના વ્યસન છોડ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઓગણજ ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે મહેનત કરી હતી. ❖

**કર્મયોગીનું હૃદય વિશાળ હોવું જોઈએ. તેને કુટિલતા, કૃપણતા, લોભ, કામ, ક્રોધ અને અભિમાન રહિત હોવું જોઈએ.**

# પ્રજ્ઞાપુરાણ કથાનું ભવ્ય આયોજન

**મેઘાણીનગર-અમદાવાદ**

પરમ પૂજ્ય ગુરુદેવના ઘોષીત યુગ નિર્માણ યોજનાનું કામ સાકાર કરવા વિવિધ ધર્મ સંપ્રદાય અને ધાર્મિક સંગઠનો કામે લાગી રહ્યા છે. આવો જ પ્રયોગ મેઘાણીનગર અમદાવાદના વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષથી હરીઓમ મહિલા મંડળની બહેનો દ્વારા ચાલે છે.

ગાયત્રી પ્રજ્ઞા મંદિર નરોડામાં પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન અગાઉ થયેલ હરીઓમ મહિલા મંડળના બે બહેનો કથા સાંભળવા ગયેલ અને ગુરુદેવના વિચારો પ્રજ્ઞા પુરાણના માધ્યમ દ્વારા પોતાના વિસ્તાર મેઘાણીનગરમાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચારો સ્થાપીત કરવા માટેનો સંકલ્પ કર્યો હતો.

હરીઓમ મહિલા મંડળના બહેનોએ વિસ્તારના ભાઈ-બહેનોની મીટીંગ બોલાવી અને પ્રજ્ઞા પુરાણ કથા રાખવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો. જેમાં મેઘાણીનગર વિસ્તારના સમગ્ર ધાર્મિક સંગઠનો, મહિલા મંડળો, યુવા મંડળો અને રાજકીય અને બુદ્ધિજીવી વર્ગના સભ્યો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમર્થન આપવામાં આવ્યું. તા-૧૩ નવેમ્બર-૦૯ થી તા-૧૯ નવેમ્બર-૦૯ સુધી પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજનની તારીખો નક્કી કરવામાં આવી.

આ કથાનું રસપાન વડોદરાના શ્રીમતી મીનાક્ષીબેન કાબરીયાએ કરાવ્યું હતું. આ કથાની શરૂઆત ભવ્ય પોથીયાત્રા-કળશયાત્રા સાથે કરવામાં આવી. જેમાં દરેક ધાર્મિક સંગઠનો, યુવા મંડળો, મહિલા મંડળોએ સાંસ્કૃતિક ઝાંખી બનાવી શોભાયાત્રામાં ભાગ લીધો હતો. આ શોભાયાત્રામાં સમગ્ર અમદાવાદ ગાયત્રી પરિવારની શાખાઓના કાર્યકર્તાઓ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ શોભાયાત્રામાં મથુરાથી આવેલ જ્ઞાનકળશે સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. આ યાત્રા મેઘાણીનગરના સમગ્ર વિસ્તારમાં ફરીને કથા સ્થળે પરત આવી હતી. શોભાયાત્રાનું સ્વાગત અસારવા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજા અને વિવિધ વેપારી સંગઠનો દ્વારા કરવામાં આવ્યું હતું.

મેઘાણીનગર વિસ્તારના પ્રતિષ્ઠિત ડૉ.સોજીત્રા સાહેબના વરદ્હસ્તે દીપ પ્રગટાવીને પ્રજ્ઞા પુરાણ કથાનો આરંભ કરવામાં આવ્યો. પાંચ દિવસ દરમ્યાન રોજ ૪૦૦૦ કરતા વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખવામાં આવ્યું હતું તે જગ્યાનું નામ ગાયત્રી ચોક રાખવામાં આવ્યો. છેલ્લા દિવસે દીપયજ્ઞની સાથે પ્રજ્ઞા પુરાણ કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી. પૂર્ણાહુતિ સમયે દેવ દક્ષિણામાં ૧૧૦ યુવાનોએ વ્યસન મુક્તિના સંકલ્પો લીધા.



મેઘાણીનગરમાં પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન કરી રહેલ પરિજનો

સમગ્ર કથા દરમ્યાન પરમ પૂજ્ય ગુરુદેવનું તમામ સાહિત્ય બ્રહ્મભોજમાં અડધી કિંમતે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ પ્રજ્ઞા પુરાણ ગ્રંથના સેટ, ૩૦ પ્રજ્ઞા પુરાણ કથામૃત, ગાયત્રી મહાવિજ્ઞાન તેમજ અનેક અન્ય સાહિત્ય જ્ઞાનયજ્ઞના રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. હરીઓમ મહિલા મંડળ આર્થિક રીતે સદ્ધર ન હોવા છતાં પ્રજ્ઞા પુરાણ કથાની બચતમાંથી ૫૦૦૧ રૂપિયા શાંતિકુંજને અંશદાન રૂપે મોકલી આપ્યા.

આ કથાના કાર્યક્રમને સફળ બનાવવા નરોડા ગાયત્રી પરિવાર, ચાંદખેડા ગાયત્રી પરિવાર, ઈંડિયા કૉલોની ગાયત્રી પરિવાર, ઈસનપુર-ઘોડાસર ગાયત્રી પરિવાર તથા અમદાવાદની સમગ્ર ગાયત્રી પરિવારની શાખાઓ, મેઘાણીનગર ગાયત્રી પરિવાર, હરીઓમ મહિલા મંડળના શ્રીમતી મંજુલાબેન વ્યાસ, શારદાબેન પ્રજાપતિ, ગોદાવરીબેન પટેલ, કાંતાબેન પટેલ, મણીબેન પ્રજાપતિ તથા યુવા કાર્યકર્તાઓમાં શ્રી પરેશભાઈ પટેલ, રાજુભાઈ પ્રજાપતિ, કાળુભાઈ પટેલ, ચતુરભાઈ પટેલ અને અન્ય ભાઈ-બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી તન-મન-ધનથી સહયોગ કર્યો હતો. ❖

# બારડોલીના વડોલીમાં સામૂહિક પંચકુંડી યજ્ઞ

**વડોલી-બારડોલી**

બારડોલી તાલુકામાં આવેલ વડોલી મુકામે ખોડીયાર માતાના મંદિરે સવારે ૮.૩૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા સુધી સામૂહિક પંચકુંડી ગાયત્રી મહામયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું.

વાયુ, જળ, સોલીડવેસ્ટ તથા વિચારોનું પ્રદૂષણ દૂર કરવા સાથે કુદરતી અને કુત્રીમ આફતો સામે રક્ષણ મેળવવાના હેતુથી યોજાયેલ આ મહાયજ્ઞમાં ૧૫ યજમાન દંપતી સહિત કુંવારિકાઓ દ્વારા થનારા પૂજન-અર્ચનના કાર્યક્રમ દરમ્યાન યુવાનોમાં વ્યસન મુક્તિ, ગ્રામ સમાજનું કલ્યાણ કાર્ય, બેટી બચાવો આંદોલનના વિચારો પ્રબળ બનાવતા ચિત્ર પ્રદર્શનનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું. ❖



બારડોલી તાલુકાના વડોલી ગામમાં ગાયત્રી યજ્ઞનું સંચાલન કરી રહેલ ઉપાચાર્ય

# અમદાવાદમાં વિશ્વમંગલ ગૌ-ગ્રામયાત્રા

**મેઘાણીનગર (અમદાવાદ)**

ગાયત્રી પરિવાર મેઘાણીનગર અને સહયોગી શાખા દ્વારા શાંતિકુંજ હરિદ્વારના આદેશ મુજબ વિશ્વ મંગલ ગૌ યાત્રાનું ભવ્ય સ્વાગત અને ગૌરક્ષાના અભિયાન માટે ભાર્ગવ વિસ્તાર ગાયત્રી પરિવારના યજમાન હેઠળ રામજીમંદિરમાં મીટીંગ રાખવામાં આવી, જેમાં ૪૦૦ જેટલા વિવિધ શાખાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને ગૌરક્ષા માટેના સંકલ્પ લેવામાં આવ્યા હતા. ગૌહત્યા અટકાવવા માટે હસ્તાક્ષર (સહી) ઝુંબેશ શરૂ કરવામાં આવી. જેમાં ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો ઘરે-ઘર હસ્તાક્ષર (સહી) અભિયાન ચલાવી ૨૪ હજાર કરતા વધુ હસ્તાક્ષર (સહી) લેવામાં આવ્યા.

તેની સાથે પ્રજ્ઞા પુરાણ કથામાં ૪૦૦૦ કરતા વધુ શ્રોતાગણ દ્વારા વિશ્વ મંગલ ગૌ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને ભાર્ગવ વિસ્તાર ગાયત્રી પરિવારના પરિજનોએ પણ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું.

આ અભિયાનને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવાર મેઘાણીનગર, ભાર્ગવ વિસ્તાર ગાયત્રી પરિવાર, મહિલા ગાયત્રી પરિવાર શાહીબાગ, ગ્રીનસીટી મહિલા ગાયત્રી પરિવાર તેમજ અન્ય શાખાના ભાઈ-બહેનોએ સારો એવો સહકાર આપ્યો હતો.

**ઘડુલીમાં વિશ્વમંગલ ગૌ ગ્રામયાત્રા**

**ગાયત્રી પરિવાર શાખા ઘડુલી-કચ્છ**

રાષ્ટ્રીય કક્ષાએ કાઢવામાં આવેલ વિશ્વ મંગલ ગૌગ્રામ યાત્રાની પેટાયાત્રા નારાયણ સરોવર પ્રસિદ્ધ તીર્થધામથી નીકળીને ઘડુલી મધ્યે આવતા ગાયત્રી શક્તિપીઠ ઘડુલી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ ગામના મુખ્ય ચોકમાં સભામાં ફેરવી. ગૌપાલન, ગૌસંરક્ષણ દ્વારા સ્વાવલંબન તથા સજીવ ખેતી બાબત માર્ગદર્શન આપવામાં આવ્યું. ગામના લોકોના હસ્તાક્ષર એકત્રીત કરી માંડણભાઈ જાદવાણીના હસ્તે યાત્રા સંયોજકશ્રીને આપવામાં આવ્યા. જીલ્લા પ્રતિનિધિ ભવાનભાઈ ઠક્કર, તાલુકાના યાત્રા સંયોજક શ્રી સંજયભાઈ ચાયન, શ્રી દિનેશભાઈ ગજ્જર દ્વારા યાત્રાનો ઉદ્દેશ્ય તથા સજીવ ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી કિશોરભાઈ વાઘડીયા-યુવા મંડળના પ્રતિનિધિ દ્વારા સંચાલન કરવામાં આવ્યું તથા સવાઈભાઈ પુરોહિત દ્વારા આભારદર્શન તથા વ્યવસ્થા સંભાળવામાં આવી. ગાયત્રી શક્તિપીઠમાં ગૌ ઉત્પાદનોમાંથી બનાવવામાં આવતી આયુર્વેદિક ઔષધિઓ તથા ગૌ સંરક્ષણ જાગૃતિના પુસ્તકો રાખવા નક્કી કરવામાં આવ્યું. શક્તિપીઠ દ્વારા યાત્રા સંયોજકને 'ગૌશાળા-દેશના અર્થતંત્રનો મેરૂદંડ' પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું. ❖

# ગાયત્રી શક્તિપીઠ દ્વારા અન્નક્ષેત્રનો શુભારંભ

**ગાયત્રી શક્તિપીઠ-માણસા**

તા-૧ જાન્યુઆરી-૧૦થી ગાયત્રી શક્તિપીઠ માણસા દ્વારા બે ટાઈમ ભોજન અને ટીફીન વ્યવસ્થા માટે અન્નક્ષેત્રનો શુભારંભ કરવામાં આવ્યો.

પરમ પૂજ્ય ગુરુદેવની યુગ નિર્માણ યોજનાના ૧૦૦ સુત્રી કાર્યક્રમને સાકાર કરવા માટે ગાયત્રી શક્તિપીઠ માણસા દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં પીડા-પતન નિવારણ કરી મનુષ્યને ઉંચે ઉઠાવવાનો પ્રયાસ ગાયત્રી શક્તિ-પીઠ માણસા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

માણસા શહેરમાં જેટલી હોસ્પીટલો છે, જેમાં દાખલ થયેલ દર્દીઓ માટે અને દર્દીની સેવા કરી રહેલ સંબંધી માટે ગાયત્રી શક્તિપીઠ માણસા ખાતે બે ટાઈમ ભોજન અને ટીફીન વ્યવસ્થા માટે અન્નક્ષેત્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ સેવા રોજ સવારે ૧૦.૩૦ કલાકે તથા સાંજે ૫.૩૦ કલાકે માણસા માર્કેટયાર્ડમાં ગાયત્રી શક્તિપીઠની ગાડીમાં દર્દીના સગાઓ લાવવાની અને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અને સગા સંબંધીને શક્તિપીઠ ખાતે જમાડી દર્દીનું ટીફીન ભરી આપવામાં આવે છે અને તેઓને હોસ્પીટલ પાછા પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ગાયત્રી શક્તિપીઠ માણસા ખાતે આ ટીફીન સેવા(અન્નક્ષેત્ર)નો શુભારંભ ગાયત્રી યજ્ઞ સાથે કરવામાં આવ્યો. જેમાં અમદાવાદના પ્રસિદ્ધ કોન્ટ્રાકટર શ્રી કાંતીભાઈ પટેલ (પાડાવાળા)એ વાહનદાન માટે સાડા ત્રણ લાખનું દાન આપેલ છે. અને માણસાના પ્રખ્યાત ફાયનાન્સર શ્રી મોદીભાઈએ ૨૫ મણ ઘઉ અન્નદાન તરીકે આપી અન્નક્ષેત્રમાં સહભાગી બન્યા છે. એના ઉદ્દ્ઘાટન પ્રસંગે માણસા નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી અમૃતભાઈ પટેલ, ગાંધીનગરના શ્રી જેઠાલાલ પટેલ, અમદાવાદથી શ્રી મહેન્દ્રભાઈ પટેલ, માણસાના શ્રી હરગોવનદાસ પટેલ, કાંતીલાલ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ અન્નક્ષેત્રને સફળ બનાવવા માટે ગાયત્રી શક્તિપીઠના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પુંજીરામ પટેલ, દેલવાડાના શ્રી પશાભાઈ પટેલ, માણસાના શ્રી નરસિંહભાઈ પટેલ વગેરેએ અથાગ પ્રયાસ કરી રહેલ છે. ❖

# દેવ પરિવારના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તર પર ઝંડો લહેરાવ્યો

**હલ્દુચૌડ (ઉત્તરાખંડ)**

માઁ ભગવતી વિદ્યા નિકેતન હલ્દુચૌડ ગાયત્રી શક્તિપીઠના વિદ્યાર્થીઓએ રાજ્ય સ્તરીય રમત હરીફાઈમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં રાષ્ટ્રીય હરિફાઈમાં પોતાનું સ્થાન બનાવ્યું. રાષ્ટ્રીય યોગ હરિફાઈ માટે વિદ્યાલયની કુ.પૂજા જોશી તથા ચિ.હિમાંશુ નૈનવાલનું પસંદગી થઈ. એના સિવાય કુ.મંજુ આર્યા, સૌરભ નૈનવાલ, જ્યોતિ બુઢલાકોટીએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં સમાજનું ધ્યાન આકર્ષિત કર્યું. પૂર્વ ધારાસભ્ય શ્રી હરીશ ચંદ્ર દુર્ગાપાલ, સરપંચ શ્રીમતી રશ્મિ દુમકા સહિત સ્થાનિક અનેક ગણમાન્ય તથા પત્રકારોએ આ બાળકોને અભિનંદન પાઠવ્યા. રાષ્ટ્રીય રમત હરીફાઈમાં ભાગીદારી પહેલાં પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને ઋષિકેશમાં વિશેષ તાલીમ આપવામાં આવી. આ બાળકોની પ્રતિભાને નિખારવામાં આચાર્યા સુશ્રી ભગવતી ઉપ્રેતીનું વિશેષ યોગદાન રહ્યું છે. ❖



વિજેતા છાત્ર ભૂતપૂર્વ ધારાસભ્ય તથા સરપંચ સાથે

**પ્રયત્નથી સાંસારિક સમૃદ્ધિ અને આત્મિક સંપદા મળે છે. પ્રયત્નથી પરમાત્મા મળે છે. પ્રયત્ન જ મુખ્ય છે.**

# કેશરિયાની શાન વધારતું, કથની-કરનીનો ભેદ મિટાવતું અભિયાન

## શ્રમદાનનું ચમત્કારિક પરિણામ, મળી રહ્યું છે ડોહીનું વરદાન

**જોબટ, આલીરાજપુર (મધ્યપ્રદેશ)**

આ વર્ષે જોબટ વિસ્તારમાં સરેરાસથી ઓછો વરસાદ થયો. ઓકટોમ્બરના અંતમાં ડોહી નદીનું જળસ્તર માત્ર ૬ થી ૯ ઈંચ હતું. જોબટ વાસિઓની ચિંતા હતી કે બે મહિના પછી આ વખતે નદીમાં પાણીનું



નામોનિશાન પણ બચશે નહીં.

છેલ્લા દિવસોમાં ડોહી નદીમાં સફળતા પૂર્વક સ્વચ્છતા અભિયાન ચલાવી ચુકેલ ગાયત્રી પરિવારના પરિજનોએ આ પડકારનો સામનો કરવાનું નક્કી કર્યું. એસ.ડી.એમ.શ્રી અંબારામ પાટીદારના નેતૃત્વમાં કાર્ય આરંભ થયું. ઠેકેદારો અને જ્યાં બાંધકામ ચાલી રહ્યું હતું, એ મકાન માલિકો સાથે સંપર્ક કરી સીમેન્ટની ખાલી થેલીઓ એકઠી કરવામાં આવી. તેમાં રેતી ભરવામાં આવી અને ૧૦૯ ફૂટ પહોળા પાટ પર ૧૩૪૭ રેતીથી ભરેલી થેલીઓ ગોઠવીને નદીનું જળસ્તર ૪ ફૂટ ઉપર ઉઠાવવામાં આવ્યું.

આજે ડોહી નદીએ એક સરોવરનું રૂપ લઈ લીધું છે. કલ-કલ વહેતા પાનીનો અવાજ દૂરથી સંભાળાય છે. લોકોનું કહેવું છે કે ૧૫ વર્ષ પહેલાં ત્યાં એવો અવાજ સંભળાતો હતો, જે પુનર્જીવિત થઈ ઉઠ્યો. હવે ત્યાં ન્હાવા, કપડા ધોવા, ત્યાં સુધી કે ખેતરોની સિંચાઈ કરવા માટે પણ પાણીની પર્યાપ્ત વ્યવસ્થા થઈ ગઈ છે.

કામ ખૂબ જ કઠીન હતું. રેતીની થેલીઓ ભરવી અને વજનદાર થેલીઓને ઉઠાવવી સરળ ન હતી, પરંતુ સર્વશ્રી શિવનારાયણ સક્સેના, ઓમ પ્રકાશ રાઠોડ, અનિલ કુમાર શ્રીવાસ્તવ, બંટી વિશ્વકર્મા, ભૂરસિંહ ચૌહાન, જયપ્રકાશ શર્મા, માધોસિંહ ડાબર, આશીષ સોની અને સંજય રાઠોડ વગેરેની પહેલ પર નગરવાસીઓને સહયોગ માટે ઉત્સાહિત કર્યા. લોક નિર્માણ વિભાગ અને નગર પંચાયત પણ સહયોગી બને અને લોકોને સામૂહિક પુરુષાર્થનું એક અદ્ભુત સ્વરૂપ જોયું, જેને નિહાળીને નગરવાસી આત્મગૌરવની અનુભૂતિ કરે છે. ❖

## ‘દિયા’ સંગઠન દ્વારા યોજવામાં આવી રક્તદાન શિબિર

**માટુંગા-મુંબઈ (મહારાષ્ટ્ર)**



દિયા, મુંબઈ શાખા દ્વારા નાનાવટી બ્લડ બેંકના સહયોગથી નારણબાગ સોસાયટી માટુંગામાં રક્તદાન શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું, જેમાં ૭૪ બોટલ લોહી એકત્રિત કરવામાં આવ્યું. આ અવસર પર ડૉ.ઉમાબેન રાજપુરોહિત-મુખ્ય ચિકિત્સકે કહ્યું કે યુવા શક્તિને માનવતાના હિત માટે રાષ્ટ્રની પ્રગતિ માટે સંગઠિત કરવાની જરૂરિયાત છે. દિયા શાખાના હરિતભાઈ પંચાલ, માલતીબેન પંચાલ, અંકુલ પંચાલ, નિતિન પારીખ, વરુણ માનેક, હિતેશ જોશી વગેરેએ આ શિબિરના માધ્યમથી યુવાનોમાં સ્વૈચ્છિક રક્તદાન પ્રત્યે જાગરૂકતા વધારવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો. એના માટે સ્વયં હરિતભાઈએ પોતાનું ઉદાહરણ રજુ કર્યું, જે અત્યાર સુધી ૫૦ થી વધારે વખત રક્તદાન કરી ચુક્યા છે. દીપયજ્ઞની સાથે શિબિરનું સમાપન થયું, જેનું સંચાલન ગાયત્રી પરિવાર દહિસરની બહેનોએ કર્યું.

## જિલ્લા કક્ષાએ પ્રથમ યુવા સંમેલન

**ગીંગણી-જામજોધપુર**

તા-3જી જાન્યુઆરી-૧૦ના દિવસે જામનગર જિલ્લાના દરેક તાલુકાઓમાં યુવા સંગઠનને મજબૂત કરવા માટે જિલ્લા કક્ષાનું પ્રથમ યુવા સંમેલન જામજોધપુર તાલુકાના ગીંગણી મુકામે રાખવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વરિષ્ઠ પરિજનો સહિત ૨૦૦ યુવાનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત માં ગાયત્રી આવાહન તેમજ ગુરુ આવાહન કરી દીપ પ્રગટાવીને કરવામાં આવી. હાજર રહેલ સર્વેનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ જામનગર સંગઠનના સંરક્ષક વરિષ્ઠ પરિજન શ્રી યશવંતભાઈ




યુવા સંમેલનમાં ભાગ લઈ રહેલ જામનગર જિલ્લાના અગ્રણી પરિજનો

ભટ્ટજીના પ્રાસંગિક ઉદ્બોધન પછી જિલ્લા મહિલા સંગઠનના સંયોજક શ્રીમતી સરોજબેન મિસ્ત્રી દ્વારા ‘‘આજના યુવાનો પાસે વર્તમાન સમાજની અપેક્ષાઓ અને વર્તમાન સમયની સમસ્યાઓનું સમાધાન’’ વિષય પર પ્રેરણાદાયક વ્યાખ્યાન આપવામાં આવ્યું. તે જ ક્રમમાં ‘‘પરિવર્તનની આ મહાન ક્ષણમાં યુવાનોની ભૂમિકા’’ વિષય પર વરિષ્ઠ પરિજન ભાઈશ્રી જયવંતસિંહ જાડેજા દ્વારા માર્મિક પ્રવચન આપવામાં આવ્યું. ‘‘રાષ્ટ્ર ધર્મ પ્રત્યે યુવાનોનું કર્ત્તવ્ય’’ વિષય પર વરિષ્ઠ યુવા કાર્યકર શ્રીમતી પ્રીતિબેન સોલંકી તેમજ શ્રી હરસુખભાઈ સણોસરા દ્વારા યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ‘‘દિશાવિહીન યુવાનોના પ્રશ્નો અને તેના નિરાકરણ’’ વિષય પર જામનગર જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રી પાઠક સાહેબ દ્વારા વિગતવાર અને તલસ્પર્શી રોજગારલક્ષી માહિતીઓ આપવામાં આવી.

કાર્યક્રમના અંતમાં યુવાનો દ્વારા આ શિબિર અંગેના પ્રતિભાવો આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાઈ શ્રી કિરીટભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા ગીંગણીના શ્રી મગનભાઈ સાપરીયા, શ્રી પરસોતમભાઈ દઢાણીયા, શ્રી વિરજીભાઈ કારેણાં, શ્રીમતી અનુબેન સાપરીયા વગેરે પરિજનોએ સેવાઓ આપી હતી. અંતમાં શ્રી યશવંતભાઈ ભટ્ટ દ્વારા કાર્યક્રમમાં આવેલ તમામ પરિજનોની આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરી શાંતિપાઠ કરવામાં આવ્યો. ❖

## આણંદ જિલ્લા સંગઠિત ગાયત્રી પરિવાર દ્વારા ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન

**નડિયાદ-આણંદ**

તા-3 જાન્યુઆરી-૧૦ના દિવસે નડિયાદ અંબાજી મંદિર, સુભાષનગર કલ્યાકુંજ સોસાયટી તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ ન્યુશોરોક મીલરોડ ખાતે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન આણંદ જિલ્લા સંગઠિત ગાયત્રી પરિવાર તથા ખોડીયાર યુવક મંડળના સહયોગથી રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ૭૩ દંપતીઓ તથા બીજા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

યજ્ઞ શરૂ કરતાં પહેલાં સંતરામ મંદિર નડિયાદના મહંત શ્રી નિર્ગુણદાસજી મહારાજે ધર્મધ્વજા આરોહણ કર્યું. તેમજ તેમના કરકમલો દ્વારા યજ્ઞશાળાનું ઉદ્ઘાટન કરીને પ્રવેશ કરવામાં આવ્યો. મહંત શ્રી નિર્ગુણદાસે આશીર્વાદના રૂપમાં પાંચ મીનીટ વક્તવ્ય આપ્યું. શ્રી મહેશભાઈ દેસાઈ નડિયાદ મ્યુનિસિપાલ્ટીના કાઉન્સલરે દીપ પ્રાગટ્ય તેમજ દેવપૂજનનો કાર્યક્રમ સંપન્ન કર્યો. નડિયાદ મ્યુનિસિપાલ્ટીના પ્રમુખ શ્રીમતી ડીમ્પલબેન પટેલ તથા અમીતભાઈ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વડતાલ સ્વામી નારાયણ મંદિરના મહંત શ્રી દિનેશ સ્વામી પણ પધાર્યા હતા. અંબાજી માતાના મંદિરના પરિવ્રાજક માટે રહેવા માટે રૂમનું ભૂમિપૂજન તેમના વરદ્હસ્તે કરવામાં આવ્યું.

યજ્ઞનું સંચાલન વાસણા તા-બોરસદ ગાયત્રી શક્તિપીઠની પ્રજ્ઞાપુત્રી શ્રીમતી જ્યોતિબેન દરજીએ સુંદર શૈલીમાં કર્યું હતું. આ કાર્યક્રમમાં જનજાગૃતિ માટે પરમ પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય નાની પુસ્તકો તેમજ ગાયત્રી મંત્રલેખન બુકોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. યુગશક્તિ ગાયત્રી પત્રિકાના નવા સભ્યો પણ બનાવવાના સંકલ્પ લેવામાં આવ્યા. ૫૦ યુવાન ભાઈ-બહેનોએ પૂજ્ય ગુરુદેવનો સંદેશો ઘેર-ઘેર પહોંચાડવા તથા મિશનના જ્યાં પણ કાર્યક્રમો થશે ત્યાં તન-મન-ધનથી સહયોગ આપવા સંકલ્પ લીધા.

આ આયોજનને સફળ બનાવવા ગાયત્રી પરિવારના પરિજનો, ખોડીયાર યુવક મંડળના કર્મઠ પરિજનો શ્રી સનતભાઈ પી.પટેલ, ઉપેન્દ્રભાઈ ગોસ્વામી શ્રી મુસ્તાકભાઈ પઠાણ, કનુભાઈ પટેલ, વિનુભાઈ પટેલ મહાદેવ ગાયકવાડ, ગાવરી પટેલ, દિલીપભાઈ બારોટ, મહેશભાઈ દેસાઈ તેમજ ભૂપેન્દ્રભાઈ પરમાર વગેરે ખૂબ પરિશ્રમ અને સમયદાન અને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. ❖

## આણંદ શહેરમાં એક જ દિવસે ૧૧ સોસાયટીઓમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

**આણંદ (ગુજરાત)**

તા-૧૦ જાન્યુઆરી-૧૦ના દિવસે આણંદમાં ૧૧ જુદી જુદી સોસાયટીઓમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ આયોજન અંતર્ગત એક કાર્યક્રમ આણંદ જિલ્લા સંગઠિત ગાયત્રી પરિવાર દ્વારા રાખવામાં આવ્યો હતો.

આ ૧૧ સોસાયટીઓમાં **૧.**ચૈતન્યપાર્ક, **૨.**વૈકુંઠ પાર્ક, **3.**વિશ્રુત પાર્ક, **૪.**મંગલમિલન સોસા., **૫.**તપન બંગલો, **૬.** ક્રિષ્ણા પાર્ક, **૭.**અરિહંત સોસા., **૮.**આનંદવન ફ્લેટ, **૯.**આદિનાથ બંગલો, **૧૦.**સીમંધર સોસા., **૧૧.**લક્ષ સોસાયટીઓમાં યજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમેરિકાવાળા શ્રી રશ્મીભાઈ પટેલ તરફથી ગાયત્રી મંત્રલેખન બુકોનું વિતરણ કરવામાં આવ્યું. પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીના સ્ટીકરો તેમજ નાની નાની પુસ્તકોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. યુગ શક્તિ ગાયત્રી, અખંડ જ્યોતિ પત્રિકાના 300 નવા સભ્યો બનાવવામાં આવ્યા. જેનું ૫૦ ટકા લવાજમની રકમ વિદ્યાનગરના બહેન શ્રીમતી શોભનાબેન સુરેશભાઈ પટેલ તરફથી આપવામાં આવી હતી. શ્રીમતી શોભનાબેન ગુણવંતભાઈ બ્રહ્મભટ્ટે ૧૪૨ યુગશક્તિ ગાયત્રીના નવા સભ્યો બનાવ્યા છે. તેમજ પોપટપુરા તા-ખંભાતના શ્રી ભાઈલાલ ભાઈ આર. પટેલે ૧૦૦ યુગ શક્તિ ગાયત્રીના નવા સભ્યો બનાવ્યા છે.

આ પંચકુંડી યજ્ઞની સફળતા માટે આણંદ જિલ્લાના વરિષ્ઠ અને કર્મઠ કાર્યકર્તાઓ શ્રી હર્ષદરાય ભટ્ટ, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ભટ્ટ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ગોહિલ, શ્રી ડૉ.કે.કે.પટેલ, ડૉ.પ્રભાશંકર ઉપાધ્યાય શ્રી સિદ્ધરાજસિંહ સોલંકી, શ્રી વિજયસિંહ રાઉલજી, ડૉ.પ્રમોદભાઈ ઠાકર, શ્રી ભાનુભાઈ પ્રજાપતિ, શ્રી બાલકૃષ્ણ પ્રજાપતિ, શ્રી ડૉ.ભરતભાઈ ભટ્ટ, શ્રીમતી શોભનાબેન બ્રહ્મભટ્ટ, શ્રી મફતભાઈ પટેલ, શ્રી રમેશભાઈ સુથાર, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી નિતીનભાઈ પટેલ તથા મિલનકુમાર ભટ્ટ, શ્રી ધનંજયકુમાર ભટ્ટ, શ્રીમતી ટીનાબેન મીસ્ત્રી, શ્રી અનીલાબેન પટેલ, શ્રીમતી બીનાબેન પંડ્યા, શ્રીમતી કવીતાબેન પંડ્યા, શ્રીમતી જીજ્ઞાબેન રાઠોડ, શ્રીમતી કલ્પનાબેન પટેલ, શ્રીમતી મધુબેન પ્રજાપતિ, શ્રીમતી લીલાબેન પારેખ, શ્રીમતી જયાબેન પટેલ, શ્રીમતી કૈલાસબેન ગોહિલ, શ્રીમતી ગીતાબેન, શ્રીમતી જયશ્રીબેન પટેલ, શ્રીમતી ઉર્મીલાબેન પટેલ, શ્રીમતી સંગીતાબેન પટેલ તથા શ્રીમતી શાંતાબેન ચાવડાએ પોતાના સહકાર આપ્યો હતો. ❖

**ઈશ્વર સર્વવ્યાપી છે, તે દરેક સારા-ખોટાના દૃષ્ટા છે. એની દૃષ્ટિથી કોઈ બચી શકતું નથી.**

# સવા કરોડ ગાયત્રી મહામંત્ર જપનું બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાન

**વિસનગર (મહેસાણા)**

તા-૧૯ ડિસેમ્બર-૦૯ થી તા-૨૮ ડિસેમ્બર-૦૯ સુધી પરમ પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં ગાયત્રી પ્રજ્ઞાપીઠ, વિસનગરના પરિજન ભાઈ-બહેનોના સંયુક્ત સંકલ્પથી **સવા કરોડ ગાયત્રી મહામંત્ર જપ બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાન**નું આયોજન રાખવામાં આવ્યું હતું.

**સવા કરોડ ગાયત્રી મહામંત્ર જપનું બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાનમાં ૩ કરોડથી પણ વધુ જપ થયા.**

કાર્યક્રમ પહેલાં ઉપજોન કક્ષાએ આયોજન અંગેની મંજૂરી મેળવ્યા બાદ જિલ્લા સંગઠનની બેઠકમાં જિલ્લાના પરિજનોના સહકારથી આ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી. મહેસાણા અને પાટણ જિલ્લાના પરિજનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું તો તેમનો પણ સહકાર મળ્યો.



પૂજ્ય ગુરુદેવની ચેતનાના ફળ સ્વરૂપે તમામ શાખાઓમાંથી મોટી સંખ્યામાં પરિજનો પધાર્યા હતા. સ્થાનિક શહેરના પરિજન ભાઈ-બહેનોએ વિસનગરની તમામ સોસાયટીઓનું સઘન મંથન કરવામાં આવ્યું. પરિણામ સ્વરૂપે અનુષ્ઠાનના નવ દિવસ દરમ્યાન મોટી સંખ્યામાં સાધકો ઉમટી પડ્યા હતા. ૫૦૦ સાધકો બેસી શકે તેવા પ્રજ્ઞાપીઠના બે મોટા હૉલ તથા ૨૦૦ સાધકો બેસી શકે તેવા બે નાના હૉલ એમ ચાર હૉલમાં જપ કરવા માટે દેવ સ્થાપન કરવામાં આવ્યું હતું, છતાં પણ જગ્યા ઓછી પડતાં પ્રજ્ઞાપીઠના દર્શનખંડ અને પરિસરની જગ્યામાં પણ બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેસાણા અને પાટણ જિલ્લાની તમામ શાખાઓમાંથી તથા ગાંધીનગર જીલ્લાની કેટલીક શાખાઓમાંથી પરિજનોએ ઉત્સાહભેર




ભાગ લીધો હતો. પરિણામ સ્વરૂપે અનુષ્ઠાનના નવ દિવસમાં સંકલ્પ કરતાં પણ બમણા જપ પૂર્ણ થયા.

જપની પૂર્ણાહુતિ રૂપે તા-૨૮ ડિસેમ્બર-૦૯ના દિવસે ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞની વિશેષતા એ હતી કે યજ્ઞના મુખ્ય યજમાન તરીકે તમામ યજ્ઞકુંડ પર પરિજનોના સંતાનોને બેસાડવામાં આવ્યા હતા. તમામ સાધકોના ફળાહારની વ્યવસ્થા પ્રજ્ઞાપીઠ તરફથી કરવામાં આવી હતી. યજ્ઞમાં આહુતિ આપવા માટે શ્રદ્ધાળુઓની ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિતિને જોતાં સવારે ૮.૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં હજારો સાધકો, શ્રદ્ધાળુઓએ પોતાની આહુતિ અર્પણ કરી ધન્ય થયાનો અનુભવ કરતા હતા. સવા કરોડ ગાયત્રી મંત્ર જપ અનુષ્ઠાન શ્રદ્ધા, વિશ્વાસ, આનંદ, ઉત્સાથી પૂર્ણ થયું.

આ સમગ્ર આયોજનમાં પ્રજ્ઞાપીઠના તમામ પરિજન ભાઈ-બહેનોએ પૂરા અંતઃકરણ પૂર્વક ભાગ લઈ પૂર્ણ સહકાર આપી આયોજનને દિપાવ્યું હતું. તેમજ મહેસાણા, પાટણ અને ગાંધીનગર જીલ્લાના પ્રજ્ઞા સંસ્થાનના પરિજનોનો પણ સહયોગ પ્રસંશનીય રહ્યો. ❖

# પુસ્તક મેળોઃ વિદ્યા વિસ્તારનું સશક્ત અભિયાન

**બુરહાનપુર (મધ્યપ્રદેશ):** ''યુગ નિર્માણ પરિવારે બુરહાનપુર શહેરના પુસ્તક મેળાની અસફળતાઓના ઈતિહાસને તોડી સફળતાનો નવો અધ્યાય લખ્યો છે...હું આશા કરું છું કે પુસ્તક મેળાની આદત શહેર વાસીઓને થઈ જાય, એટલા માટે આ મેળો દર વર્ષે લાગતો રહે.''

બુરહાનપુર શહેરના સૌથી મોટા સ્કૂલ સંચાલક શિક્ષણ જગતના વિદ્વાન શ્રી આનંદ ચૌકસેએ ગાયત્રી પરિવાર દ્વારા યોજાયેલ પુસ્તક મેળામાં આ વિચાર અભિમત પુસ્તિકામાં વ્યક્ત કર્યા. આ મેળો તા-૨૩ ઓક્ટોમ્બર થી તા-૧ નવેમ્બર સુધી યોજાયો હતો. એમાં ૩,૫૦,૦૦૦ રૂપિયાનું સાહિત્ય વેચાયું. એક ૧૫ વર્ષીય દૃષ્ટિહીન વિદ્યાર્થી મો.હૈદર પોતાની રૂચિના પુસ્તકો ખરીદવા માટે એક લીસ્ટ લાવ્યો હતો. તેને મંચથી કહ્યં કે પૂજ્ય આચાર્યજીની 'હારિએ ના હિમ્મત' જેવી પુસ્તકોનું અનુવાદ બ્રેલ લિપિમાં થવું જોઈએ. મેળામાં આવેલ ૨૦ થી ૨૫ ટકા ખરીદી કરનારા મુસ્લિમ અને વોહરા સમાજના હતા.

મધ્યપ્રદેશની શિક્ષણ મંત્રી માનનીય અર્ચના ચિટનીસે આ પુસ્તક મેળામાંથી સાહિત્ય લઈને શહેરમાં




બુરહાનપુરના મેળામાં પુસ્તક પસંદ કરી રહેલ પ્રબુદ્ધગણ

ચાલી રહેલ રાષ્ટ્રીય ખો-ખો હરિફાઈમાં ભાગ લઈ રહેલ લગભગ ૧૦૦૦ ખેલાડીઓને ભેટ આપી. જિલ્લા કલેક્ટર શ્રીમતી કરનીલ ખોગવારે પોતાની તરફથી અમુક સરકારી વિદ્યાલયોમાં છાત્રોપયોગી સાહિત્યની સ્થાપના કરાવી. મેયરે ૧૦,૦૦૦/-રૂપિયાનું સાહિત્ય ખરીદ્યું, જેમાં ૫૦૦ પુસ્તકો 'ગંદકીની ઘૃણિત અસભ્યતા' હતી. ગાયત્રી પરિવારના પરિજન શહેરની તમામ સ્કૂલ-કૉલેજોમાં ગયા અને આ સાહિત્યની વિશેષતાઓ પર પ્રકાશ ફેંક્યો.

**નડિયાદ (ગુજરાત):** ગાયત્રી પરિવારની વિદ્યા નગર શાખા, કરમસદે નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં પુસ્તક મેળાનું આયોજન ગોઠવ્યું હતું. એમાં બ્રહ્મભોજ યોજનાની અંતર્ગત લગભગ ૪,૦૦,૦૦૦/- (ચાર લાખ) રૂપિયાનું સાહિત્ય લોકોએ ખરીદ્યું. આ પુસ્તક મેળો વર્જીનિયા ગાયત્રી પરિવારની શ્રીમતી ઉર્મિલાબેન પટેલ તથા જયાબેન પટેલના પાંચ પુસ્તક મેળાઓ લગાવવાના સંકલ્પની અંતર્ગત ત્રીજો મેળો હતો. લોકોએ ગામડાઓમાં આવા પુસ્તક મેળા લગાવવાનો વિશેષ રૂપે આગ્રહ કર્યો.



ચિત્તૌડગઢ

**ચિત્તૌડગઢ (રાજસ્થાન):** ચિત્તૌડગઢના કેશવ માધવ સભાહૉલમાં એક વિશાળ યુગ નિર્માણી પુસ્તક પ્રદર્શની લગાવવામાં આવી હતી. ગાયત્રી પરિવાર પ્રત્યે પૂરી નિષ્ઠાથી સમર્પિત સમદાની પરિવારના સ્વ.શ્રી હરકલાલ સમદાનીની પુણ્ય સ્મૃતિમાં ત્યાં સમસ્ત સાહિત્ય બ્રહ્મભોજમાં અડધી કિંમત પર ઉપલબ્ધ કરાવ્યું હતું. આ પ્રદર્શનીમાં એક લાખ પાંસઠ હજાર રૂપિયાની કિંમતનું સાહિત્ય લોકોએ ખરીદ્યું. દરેક જગ્યાની જેમ સરકારી, અધિકારી, શિક્ષણ જગત, વ્યવસાયી, પત્રકાર, વિદ્યાર્થીઓની સૌથી પહેલી પ્રતિક્રિયા એક જ વ્યક્તિ દ્વારા લખવામાં આવેલ આટલા સાહિત્ય પર આશ્ચર્યના રૂપમાં થતી હતી. પ્રદર્શનીમાં ઑડિયો-વીડિયો સંદેશનું પણ સતત પ્રસારણ થતું રહ્યું. અહીં એ ઉલ્લેખનીય છે કે સમદાની પરિવાર પહેલાં પણ પોતાના સ્વ.પિતાની સ્મૃતિમાં પુસ્તક મેળાઓનું આયોજન કરાવતા રહ્યા છે. આ પહેલો અવસર હતો, જ્યારે તેમણે ભીલવાડાની બહાર જ્ઞાનગંગાને પ્રવાહિત કરવામાં વિશેષ સહયોગ આપ્યો. ❖

# લખનૌના ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વાંગ્મય સ્થાપના સમારંભ

**લખનૌ (ઉત્તર પ્રદેશ)**

વિદ્યા વિસ્તાર માટે સતત સમર્પિત શાખા ગાયત્રી જ્ઞાન મંદિર, ઈંદિરાનગર લખનૌ શહેરના અમુક બીજી મહત્ત્વપૂર્ણ શિક્ષણ સંસ્થાઓમાં પરમ પૂજ્ય ગુરુદેવના સમગ્ર વાંગ્મય સાહિત્યની સ્થાપના કરાવી. શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.અમલકુમાર દત્તાજીનો લખનૌ પ્રવાસના અવસર પર આ સ્થાપનાઓ કરવામાં આવી.

તમામ સ્થાનો પર વાંગ્મય સ્થાપનાનો ક્રમ સમારોહપૂર્વક થયો, જેમાં શિક્ષક-વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ડૉ.એ.કે.દત્તાજીએ તેમણે સંબોધિત કરતાં કહ્યું કે આ સાહિત્ય એક મહાન ઋષિના તપથી નિકળેલ તે અમૃત છે, જે પાઠકોના જીવનના દરેક મોડ પર આવનારી સમસ્યાઓનું સમાધાન અવશ્ય પ્રદાન કરશે. તેમણે વિદ્યાર્થીઓને મનોરંજન નહીં, જીવનોપયોગી સાહિત્ય

નૉર્દન ઈંડિયા એંજીનિયરિંગ કૉલેજની સભાને સંબોધિ રહેલ ડૉ.એ.કે.દત્તા



શ્રીમતી ચિત્રા ત્રિપાઠીએ પોતાના સ્વર્ગીય પતિ શ્રી રાધેશ્યામ ત્રિપાઠીની સ્મૃતિમાં નૉર્દન એંજીનિયરિંગ કૉલેજમાં, ડૉ.શ્રીપતસિંહે પોતાના જન્મદિવસ પર રામેશ્વર ઈંસ્ટીટ્યૂટ ઑફ ટેકનોલૉજી એન્ડ મેનેજમેન્ટમાં, શ્રી જ્ઞાન પ્રકાશ પાંડેજીએ પોતાની માં સ્વ.આશા પાંડેજીની સ્મૃતિમાં એસ.આર. ઈંસ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં તથા એક સાધિકાએ પોતાનું નામ ગુપ્ત રાખતાં બંસલ ઈંસ્ટીટ્યૂટ ઑફ ટેકનોલૉજી એન્ડ મેનેજમેન્ટમાં આ સ્થાપનાઓ કરાવી.

વાંચવાની પ્રેરણા આપી. પરમ પૂજ્ય ગુરુદેવના પ્રેરક સંસ્મરણોની સાથે એમનો અને એમના મિશનનો પરિચય કરાવ્યો. કેન્દ્રીય પ્રતિનિધિએ કહ્યું કે શિક્ષણનું પહેલું લક્ષ્ય ભીની માટીને શિક્ષણના બીબામાં ઢાળી શ્રેષ્ઠ વ્યક્તિ બનાવવાનું હોવું જોઈએ. સારો વ્યક્તિ જ સારો ભાઈ, સારો દોસ્ત, સારો દિકરો, શ્રેષ્ઠ પતિ થઈ શકે છે. તમામ શ્રોતાઓને 'સફળ જીવનની દિશાધારા' પુસ્તક તથા અખંડ જ્યોતિ પત્રિકાઓ આપવામાં આવી. ડૉ.દત્તાજીની સાથે શ્રી જયરામ મોટલાણી પણ શાંતિકુંજથી પહોંચ્યા હતા. ❖

**આપણે જેને સાચું સમજીએ છીએ, નિર્ભય થઈને કરતા રહો. જેને ખોટું સમજો છો, તેની આગળ કોઈપણ કિંમત પર ન ઝુકો.**

# ગાયત્રી પર સૌનો અધિકાર, વિદ્વાનોને છે સ્વીકાર

## મુખ્યમંત્રીની યુગનિર્માણી આસ્થા

**રાયપુર (છત્તીસગઢ)**

પ્રદેશના મુખ્યમંત્રી માનનીય શ્રી રમણસિંહના ઉતારા પર પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું. રાજનાંદગાઁવની બહેનોએ એનું સંચાલન કરતાં રાજ્યની ખુશાલી માટે યજ્ઞ ભગવાનને વિશેષ આહુતિઓ સમર્પિત કરાવી. આ યજ્ઞમાં મુખ્યમંત્રીના મોટા ભાઈ શ્રી અશોક સિંહ, શ્રીમતી રેણુસિંહ, એમના પુત્ર શ્રી અભિષેક, મોટી બહેન શ્રીમતી ઇલા કચચુરી; ગાયત્રી પરિવારના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.અરુણ મઢરિયા, શ્રીમતી સંધ્યા મઢરિયા, શ્રી હરીશ ચંદ્રાકર વગેરે અનેક ગણમાન્ય લોકો ઉપસ્થિત હતા.

આ યજ્ઞમાં મુખ્યમંત્રીજીએ રાજ્યના વિકાસનો સંકલ્પ વ્યક્ત કરતાં પોતાની સનાતન સંસ્કૃતિ પર ઉંડી આસ્થા વ્યક્ત કરી. તેમણે પરમ પૂજ્ય ગુરુદેવના શિક્ષણને તથા ગાયત્રી પરિવારની સક્રિયતાને મહત્ત્વપૂર્ણ લેખાવી કહ્યું કે વ્યક્તિના વિચાર જ્યાં સુધી નથી બદલતા, ત્યાં સુધી સુધારનો પ્રયાસ પ્રભાવશાળી બની શકતો નથી. આ યજ્ઞનું આયોજન ગાયત્રી વિદ્યાપીઠના સચિવ શ્રી હરીશ ગાંધીના વિશેષ પ્રયાસોથી થયું હતું. ❖




યજ્ઞમાં ભાગ લઈ રહેલ ડૉ.રમનસિંહનો પરિવાર

## ન્યાયાધીશ-વકીલોએ કર્યો ગાયત્રી યજ્ઞ

**સોલન (હિમાંચલ પ્રદેશ)**

તા-૨૭ નવેમ્બર-૦૯ના દિવસે જિલ્લા ન્યાયાલય પરિસરમાં નવા બંધાઈ રહેલ ભવનનું ઉદ્ઘાટન ૩ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે થયું. આ યજ્ઞમાં હિમાંચલ પ્રદેશના ઉચ્ચ ન્યાયાલયના કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ શ્રી રામ ભવન મિશ્રા સહિત લગભગ તમામ ન્યાયાધીશ, ઉપાયુક્ત, વકીલો,પોલીસ અધિક્ષક, બાર એસોસિએશનના સભ્યો, વિશિષ્ટ ગણમાન્ય નાગરિકો તથા એમના કુટુંબના સભ્યોએ ભાગ લીધો હતો.

યજ્ઞનું સંચાલન શ્રી અશ્વિની શર્મા, શ્રી ચંદ્ર પ્રકાશ અત્રિજીએ કર્યું. શ્રી જયરામ પરિવ્રાજકે પોતાના મિશનનો પરિચય આપ્યો. માનવ જીવનની ગરિમા વધારનારું ચિંતન સમાજમાં વિકસિત થાય, સામાજિક એકતાના સૂત્ર સુદૃઢ થઈને વિશ્વ પરિવારની કલ્પના સાકાર થાય, એવું નિવેદન યજ્ઞ સંચાલકોએ સમસ્ત ગણમાન્યોથી કર્યું. સમાપન થતાં-થતાં ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ શ્રી વી.કે.આહુજા પણ ઉપસ્થિત હતા. એમનું તિલક કરી, ઉપવસ્ત્ર ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. શ્રી સાલિગરામ અત્રિએ સમસ્ત યાજક મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો. શ્રી સી.બી.બારોવાલિયા જિલ્લા તથા સત્ર ન્યાયાધીશે ન્યાયપાલિકા તરફથી આભાર પ્રકટ કર્યો. ❖




ઉદ્બોધન અને યજ્ઞ કરી રહેલ મુખ્ય ન્યાયાધીશ શ્રી મિશ્રા

## યજ્ઞથી પર્યાવરણ શુદ્ધિ માટે ગાયત્રી મહાયજ્ઞ

**હાપુડ, ગાજીયાબાદ (ઉ.પ્ર.)**

રોટરી ક્લબ હાપુડ ગ્રેટરે તા-૩ નવેમ્બરના દિવસે પર્યાવરણ શુદ્ધિ તથા રોગ નિવારણ માટે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખ્યું હતું. ગાયત્રી પરિવારની શ્રીમતી વ્રજબાલા શર્મા તથા શશિપ્રભા અગ્રવાલે એનું સંચાલન કરતાં યજ્ઞના પર્યાવરણ પર પડનારા પ્રભાવને વિસ્તારથી સમજાવ્યો. તેમણે કહ્યું કે યજ્ઞ પર્યાવરણ શોધનનું સમગ્ર સમાધાન છે. યજ્ઞના વિશેષ તાપક્રમ અને વિશેષ વનૌષધિ-ઓના સંયોગથી જળ, વનસ્પતિ, વાયુ, જમીન સૌમાં દિવ્યતાનો સંચાર થાય છે. યજ્ઞથી પેદા થયેલ સૂક્ષ્મ તરંગો વ્યક્તિના ચિંતન-ચરિત્રમાં શ્રેષ્ઠ ગુણોનો વિકાસ કરે છે. શ્રીમતી સુધા શાસ્ત્રીએ લોકોથી નિયમિત ઉપાસના અને યજ્ઞ કરવાનું આવાહન કર્યું.

કાર્યક્રમનો આરંભ અધ્યક્ષ રો.સુશીલકુમાર રુઁગટા દ્વારા દીપ પ્રાગટ્ય સાથે થયો. આ અવસર પર મહિલા દક્ષતા સમિતિની અધ્યક્ષા શ્રીમતી ઉર્મિલા સિન્હા, શ્રી સુભાષચંદ્ર ગર્ગ તથા શ્રીમતી આરાધના વાજપેયીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. ❖



## ન્યુજર્સીમાં વિન્ટર યૂથ કેમ્પ યોજાયો

**વિદેશ સમાચાર**

**ન્યુજર્સીમાં વિન્ટર યૂથ કેમ્પ**
**ન્યુજર્સી (અમેરિકા)**

તા-૧૮ ડિસેમ્બર-૦૯ના દિવસે ગાયત્રી ચેતના કેન્દ્ર, ન્યુજર્સીની પહેલી વાર્ષિક યુવા ચેતના શિબિર રાખવામાં આવી હતી. એ દિવસે ભારે બરફનો વરસાદ થવાની ભવિષ્યવાણી હતી, તો પણ યૂથ ગ્રુપની વિશેષ ટીશર્ટ પહેરીને પાંચ વર્ષથી લઈને ૧૩ વર્ષના ૬૫ બાળકો પોતાના વાલીઓ સાથે પ્રાતઃ ૮ વાગે રજીસ્ટ્રેશન માટે તૈયાર હતા. બાળકોને ભારતીય સંસ્કૃતિની મૌલિકતાઓનું જ્ઞાન કરાવવાની દૃષ્ટિથી આ શિબિર રાખવામાં આવી હતી. તેમને આ તમામ ક્રિયાઓની વૈજ્ઞાનિકતા અને ઉપયોગિતા આ શિબિરમાં બતાવવામાં આવી, જે પોતાના માતા-પિતાને કરતાં જુએ છે, જેમ કે પૂજા, આરતી, પ્રણામ, સાધના વગેરે વગેરે.

આરંભ પ્રાતઃ યોગાભ્યાસથી થયો. બાળકોને ગતિયોગ તથા પ્રજ્ઞાયોગનો અભ્યાસ કરાવવામાં આવ્યો. આગામી વર્ગો માટે તેમને ત્રણ વય વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. સૌથી નાના બાળકોને કથા-કહાની, રમતના માધ્યમથી ખૂબ સારી જાણકારી આપવામાં આવી. ૭ થી ૮ વર્ષના ૨૫ બાળકો હતા. તેમને હિન્દુ ધર્મના દેવતા, પ્રતીક, પૌરાણિક કથા વગેરેના વિષયમાં બતાવવામાં આવ્યું. સૌથી મોટા બાળકોને વેદ-પુરાણોની જાણકારી આપવામાં આવી.

આગામી વર્ગોમાં બાળકોની રુચિ, સ્મરણ શક્તિ વગેરેની તપાસ કરવામાં આવી. એ જ પ્રકારના ઘણા કાર્યક્રમો આ શિબિરમાં યોજાઈ ગયા. છેલ્લે સૌને ગાયત્રી મંત્રન સીડી, પ્રજ્ઞાયોગનું પોસ્ટર, કેલેન્ડર ભેટ સ્વરૂપ આપવામાં આવ્યા. ફેબ્રુઆરી-૨૦૧૦ થી બાળ સંસ્કાર શાળા આરંભ કરવાની જાણકારી આપવામાં આવી. એમાં નૃપાલી તથા મનીષ પટેલની મુખ્ય ભૂમિકા રહી.

તમામ બાળકો અને ચેતના કેન્દ્રના કાર્યકર્તાઓએ આ શિબિરને ઉપલબ્ધિપૂર્ણ બનાવવા માટે અથાક પ્રયાસ કર્યો અને શાનદાર સફળતા મેળવી. વાલીઓએ પણ બાળકોને ખૂબ પ્રોત્સાહિત કર્યા. ❖

(પાના નંબર-૯નું ચાલુ) **અશ્વમેધ જેવો મહાયજ્ઞ**

મહાયજ્ઞનું સંચાલન શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ.બૃજમોહન ગૌડ, શ્રી પરમાનંદ દ્વિવેદી, શ્રી શાંતિભાઈ પટેલ, શ્રી ઉત્તમ ગાયકવાડ, શ્રી તોષણ સાહુ અને શ્રી ઉમેશ શર્માની ટોળીએ કર્યુ. ૫૦૦ થી વધારે લોકોએ દીક્ષા લીધી. ૨૪ બાળકોના યજ્ઞોપવિત તથા ૨૦૦ વિદ્યારંભ સંસ્કાર થયા. પૂર્ણાહુતિના દિવસે યજ્ઞની કેટલીય પારીઓ કરવામાં આવી. પ્રો.એચ.પદ્મનાભન અને શ્રીમતી સુમતિ અમ્માએ કર્મકાંડની ટિપ્પણીઓ અને પ્રવચનોનું મલયાલી ભાષાંતર કર્યું.

**વિશેષ આકર્ષણ-સામૂહિક શ્રમદાન**

આ મહાયજ્ઞ મન્નાનચેરીમાં યોજાયો હતો. તા-૨૦ ડિસેમ્બરના દિવસે તમામ કાર્યકર્તાઓએ આ ક્ષેત્રની સફાઈ કરી. પુરોહિતનું આ રીતે પાવડા અને બોગરા (ઝાડુ) સાથે સફાઈ કરવી લોકો માટે આશ્ચર્યનો વિષય હતો. બે કલાકની આ સફાઈ અભિયાનની સૂચના મળતાં જ કેટલાય પત્રકાર તથા ટીવી ચેનલ સમાચાર લેવા પહોંચ્યા. સફાઈ પછી ૭૫ વાહનોની સાથે જન-જાગરણ રેલી કાઢવામાં આવી. એનું નેતૃત્વ મેજર વિનોદજી કરી રહ્યા હતા. તા-૨૩ ડિસેમ્બરના દિવસે પણ ૧૦૯ વાહનોની સાથે આવી જ રેલી કાઢવામાં આવી. ગાયત્રી ચેતના કેન્દ્ર પહોંચીને રેલીનું સમાપન થયું, જ્યાં ડૉ.બૃજમોહન ગૌડજીએ એને સંબોધિત કરી. ❖

## આદિવાસી વિસ્તારમાં જનજાગરણ

**સીહોર (મધ્યપ્રદેશ)**

પ્રજ્ઞા મંડળ કુશલપુરાના સમર્પિત પરિજન સર્વશ્રી ચંપાલાલ દીવડિયા, હરિપ્રસાદ, તેજપાલ, જગન્નાથ વગેરેના પ્રયાસોથી આદિવાસી વિસ્તાર બારહખંબાના ગ્રામીણ વિસ્તારમાં જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે દીપયજ્ઞોની શૃંખલા આરંભ થઈ ગઈ છે. આ યજ્ઞોમાં ન કોઈની પાસે ફાળો માંગવામાં આવે છે, અને ન તો કોઈપણ પ્રકારની દક્ષિણા સ્વીકારવામાં આવે છે. યજ્ઞમાં તો માત્ર નશા, માંસાહાર તથા અનેક દુર્ગુણોને છોડવાના સંકલ્પની દક્ષિણામાં લેવામાં આવે છે. આ કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય અને સફળ થઈ રહ્યા છે, એ ખૂબ જ ઉત્સાહની વાત છે.

બારહખંબા સિવાય સમાચાર મોકલ્યા ત્યાં સુધી ઇછ્છાવાર તાલુકાના આમલા, નવાવાદ, હિમ્મતપુરા, ઉમરખાલ વગેરે ગામોમાં આવા કાર્યક્રમ યોજાઈ ચુક્યા હતા. માત્ર એક કલાકના કાર્યક્રમમાં આદિવાસીઓએ ખૂબ જ સ્પષ્ટ ઉચ્ચારણની સાથે ગાયત્રી મહામંત્ર જપવાનો આરંભ કરી દીધો. બલિવૈશ્વ, મોટાઓને નિત્ય પ્રણામ કરવા, નિયમિત સ્વાધ્યાય જેવા સંકલ્પ તેમણે લીધા. અનેક ઘરોમાં ૫૦/- રૂપિયાની કિંમતના ગાયત્રી જ્ઞાન મંદિરોની સ્થાપના કરાવવામાં આવી. લોકોને જ્ઞાન પ્રસાદ સ્વરૂપ યુગ સાહિત્ય આપવામાં આવ્યું. દીપયજ્ઞ શૃંખલાના આયોજનમાં શ્રી મહેશ વિજયવર્ગીય, શ્રી ચંપાલાલ વગેરે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. ❖

## કુંભ મેળાના સંદર્ભમાં સૂચના

**કુંભ મેળાના કારણે આ દિવસોમાં શાંતિકુંજ આવનારાઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે. એવામાં ઉતારો અને ઓઢવા-પાથરવાની ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તમામ જગ્યાએ ઓઢવા-પાથરવાની માંગ હોવાના કારણે ગાદલા/રજાઈ ભાડેથી પણ મળતા નથી. આથી પરિજનોને નિવેદન છે કે શાંતિકુંજની વ્યવસ્થામાં સહયોગ કરે. મંજુરી મેળવેલ પરિજન જ શાંતિકુંજ આવે અને પોતાની સાથે જરૂરી ઓઢવા-પાથરવાનું લઈને આવે.** ❖



# કેરલમાં ઋષિ સંસ્કૃતિની સ્થાપના કરી રહેલ પ્રજ્ઞાપરિજનો
## એર્નાકુલમમાં થયો ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનો પ્રથમ પ્રયોગ

**એર્નાકુલમ (કોચીન-કેરલ)**

એર્નાકુલમ (કોચીન)માં ૨૫,૨૬ તથા ૨૭ ડિસેમ્બરની તારીખોમાં ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞ કેરલ રાજ્યમાં યોજાયેલ યુગ નિર્માણ આંદોલનનો પહેલો વિશાળ સાર્વજનિક સમારંભ હતો. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી પણ આ કાર્યક્રમમાં પહોંચ્યા અને આ વંચિત રહી ગયેલ રાજ્યમાં યુગશક્તિ ગાયત્રીને પ્રતિષ્ઠિત કરવામાં પોતાનું અવિસ્મરણીય યોગદાન આપ્યું. દક્ષિણ જોનની યોજનાબદ્ધ સક્રિયતાથી આ કાર્યક્રમના માધ્યમથી યુગઋષિનો સંદેશ દિગ્-દિગંત સુધી પહોંચાડવામાં અસાધારણ સફળતા મળી. શહેરમાં સ્થાપિત ૨૪ સમાજો(કોંકણી, તામિલ, તામિલ બ્રાહ્મણ, કેરલ બ્રાહ્મણ, ગુજરાતી મહાજન, માહેશ્વરી, રાજપુરોહિત, વિહિપ, આદિવાસી એકલ વિદ્યાલય ....વગેરે)ની એમાં સહયોગ અને ભાગીદારી હતી. મહાયજ્ઞમાં ૧૪ રાજ્યોના શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.



વિશિષ્ટ મહાનુભાવો સાથે ચર્ચા કરી રહેલ આદરણીય ડૉ.સાહેબ (એર્નાકુલમ (કોચીન-કેરલ)

**શક્તિ કળશથી જનજાગરણ**

દક્ષિણ જોનના કાર્યકર્તાઓએ આ મહાયજ્ઞને અશ્વમેધ મહાયજ્ઞની જેમ સંપન્ન કરતાં મોટા વ્યાપક ક્ષેત્રમાં યુગચેતનાનો વિસ્તાર કર્યો. શાંતિકુંજથી લાવેલ શક્તિકળશની જનજાગરણ યાત્રા હૈદરાબાદથી જ આરંભ કરી દેવામાં આવી. શ્રી અશ્વિની સુબ્બારાવના વિશેષ સહયોગથી બોલેરો વાહન પર શક્તિકળશની સાથે ઑડિયો-વીડિયો પ્રદર્શની વાળો જ્ઞાનરથ તૈયાર કરવામાં આવ્યો. ત્યાંથી એને પિડુગુરાલા, ગુંટુર, બાપટલા, ચિરાલા, ઓંગોલ થતાં ૧૫ દિવસની યાત્રા પછી ચૈન્નાઈ લઈ જવામાં આવ્યો. ત્રિચી, ડિંડીગલ, મદુરાઈ થતાં શ્રી પ્રભુદાનજીના નેતૃત્વમાં કન્યાકુમારી માતાની પરિક્રમા કરી. કેરલમાં તિરુવનંપુરમ, પદ્મનાથ સ્વામીનું પૂજન, કોલમ, અલપ્પી થતાં શક્તિ કળશ એર્નાકુલમ પહોંચ્યો.

એર્નાકુલમના બાવન (૫૨) મંદિરોમાં પૂજન તથા ૩૦૦ કાર્યકર્તાઓના ઘરે દેવસ્થાપના-પૂજન સાથે આ શક્તિકળશ યાત્રાના સમયે થઈ, જેનું નેતૃત્વ શ્રી તોષણ સાહુ, શ્રી હીરસિંહ પુરોહિત કરી રહ્યા હતા. ત્યારબાદ કાલીકટ, વાયનાડ, ત્રિશૂર, પાલઘર વગેરે જિલ્લાઓમાં શક્તિકળશ ભ્રમણ કરાવતાં ગાયત્રી મહાયજ્ઞમાં આવવાનું આમંત્રણ લોકોને આપવામાં આવ્યું.

આ મહાયજ્ઞ એર્નાકુલમના પ્રાણવાન કાર્યકર્તાઓના સંકલ્પ અને સહયોગનો એક આદર્શ હતો. દરેક કાર્યને અલગ-અલગ સમિતિઓએ ખૂબ સારી રીતે ઉપાડી લીધું. સર્વશ્રી એસ.એલ.પાટીદાર, કૃષ્ણાવતાર ગુપ્તા, સાંવલસિંહ રાજપુરોહિત, મોહનજી, સંદીપ ચૌધરી, અશોક અગ્રવાલ, પ્રકાશ ચૌધરી, પી.સી.અગ્રવાલ, પ્રભાત ગોયંકા, સૌરભ અગ્રવાલ, ટી.સી.અગ્રવાલ, સોમદેવ, વિજય કાબરા, જયંતીભાઈ, ભાનુભાઈ વગેરેએ પોત-પોતાની જવાબદારીઓને સારી રીતે નિભાવી.

**કોચીનમાં ખિલ્યો વસંત**

તા-૨૫ ડિસેમ્બરના દિવસે મહાયજ્ઞની કળશ યાત્રા શ્રી કૃષ્ણ મંદિરથી આરંભ થઈને સમગ્ર કોચીનમાં વાસંતી ઉલ્લાસનો સંચાર કરતાં યજ્ઞ સ્થળ પર પહોંચી. ખિલેલા ગેંદાના ફૂલોની જેમ જન-જનને ઉત્સાહિત કરતાં જનસમૂહની વચ્ચે ૫૦૧ બહેનોના માથા પર દિવ્ય કળશ, એક મહાન અનુષ્ઠાનનો સાર્વજનિક આમંત્રણ અને સમાજ સુધારના સંકલ્પભર્યા ઉદ્ઘોષ નગરજનો માટે નવો જ હતો. કળશયાત્રાની સાથે ૧૧ વાહનો પર પ્રેરણાપ્રદ ઝાંખીઓ સજાવી હતી. નગરજનોએ છાછ, ઠંડાઈ, શરબત વગેરેથી યાત્રાનું હાર્દિક સ્વાગત કર્યું.

યજ્ઞસ્થળ પહોંચ્યા પછી સ્વાગત-આરતી સ્વાગતની વચ્ચે શ્રીમતી પ્રશાંતી શર્માએ કળશ-ધારી બહેનોને એમના સૌભાગ્યનો બોધ કરાવ્યો. આ પહેલને માત્ર આધ્યાત્મિક અનુષ્ઠાન નહીં, નારી જાગરણનો શંખનાદ માનવાનું આવાહન તેમણે કર્યું અને બતાવ્યું કે ભાવી પરિવર્તનમાં એમની કેટલી મોટી ભૂમિકા છે. કળશયાત્રા બાદ દક્ષિણ જોન પ્રભારી શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.વૃજમોહન ગૌડજીએ પ્રદર્શની અને સાહિત્ય સ્ટૉલનું ઉદ્ઘાટન કર્યું.




**સાંસ્કૃતિક કાર્યક્રમ**

પ્રથમ રાત્રિ ખૂબ રોચક હતી, જેમાં કેટલાય લઘુ નાટિકા અને સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી યુગનિર્માણની વિવિધ પ્રેરણાઓ આપવામાં આવી. સર્વશ્રી મણિજી, શિવકુમારન, પવન તુલસ્યાન, રવિન્દ્ર ગૌડના સહયોગ તથા નિર્દેશનમાં સંપન્ન કાર્યક્રમોથી લોકોએ મિશનનો ખૂબ પરિચય આપ્યો. એમની વચ્ચે શ્રી અશ્વિની સુબ્બારાવે પોતાની અનુભૂતિ અને આસ્થાને ગુંથતા મિશનનો જે પરિચય ટૂટી-ફૂટી હિન્દી ભાષામાં આપ્યો, એનાથી તમામ ભાવવિભોર થઈ ઉઠ્યા.


સફળતાના શિલ્પી

આ મહાયજ્ઞ આદરણીય ડૉ.સાહેબના પ્રથમ કેરલ પ્રવાસનું માધ્યમ બન્યું. એમના સ્વાગતમાં લોકો ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. શહેરના ગણમાન્ય ૨૫ વાહનોના કાફલા સાથે એમના સ્વાગત માટે હવાઈ અડ્ડા પર પહોંચ્યા હતા.

આદરણીય ડૉ.સાહેબ દેવપૂજના સમયે યજ્ઞ સ્થળ પર પહોંચ્યા અને સૌથી પહેલાં ધ્વજારોહણ કર્યું. જલસેના અને યુગનિર્માણી સેનાના કર્મઠ જવાબ શ્રી રવિન્દ્ર ગૌડ દ્વારા રજુ કરવામાં આવેલ ગીતે ઉપસ્થિત સમસ્ત પરિજનોને સાંસ્કૃતિક ઉલ્લાસથી ઓતપ્રોત કરી દીધા.

શાંતિકુંજના મુખ્ય પ્રતિનિધિએ દેવમંચથી 'ગાયત્રી અને ગુરુ' પર હૃદયસ્પર્શી ઉદ્બોધન આપ્યું, જેના પ્રભાવથી યજ્ઞશાળામાં ઉપસ્થિત સેંકડો લોકોએ ગાયત્રી મંત્રની દીક્ષા લીધી. ત્યારબાદ ત્યાં ઉપસ્થિત ન્યાયાધીશ, વરિષ્ઠ સરકારી અધિકારી, ઉદ્યોગપતિ, વ્યાપારી વગેરે વર્ગના માટે તેમણે એક વિશેષ ઉદ્બોધન પણ આપ્યું, જેનાથી તેમણે ભારતીય સંસ્કૃતિની વ્યવહારિકતા પર પ્રકાશ ફેંક્યો.

દીપયજ્ઞના અવસર પર આદરણીય ડૉ.સાહેબે એકવીસમી સદીમાં ઉજ્જવળ ભવિષ્યની સુસ્પષ્ટ સંભાવનાઓ પર પ્રકાશ ફેંકતા આજની મુખ્ય વૈશ્વિક સમસ્યાઓની ચર્ચા કરી. આ અવસર પર તેમણે મલયાલમ ભાષામાં પ્રકાશિત ૬ પુસ્તકોનું વિમોચન કર્યું. સ્વયં તેમણે જ યુગનિર્માણી સત્સંકલ્પોનું મહત્ત્વ સમજાવતાં પોતાની સાથે એક-એક સંકલ્પને બોલાવડાવ્યો.

**કાર્યકર્તા બેઠક**

સાંજના ૪ વાગે શ્રીરામ મંદિરના હૉલમાં દક્ષિણ જોનના ૫૦૦ થી વધારે કાર્યકર્તાઓની વિશેષ બેઠક થઈ. આદરણીય ડૉ.સાહેબે તેમને જન્મશતાબ્દી વર્ષની કાર્યયોજના સમજાવી. ત્યાં તેઓ પ્રત્યેક કાર્યકર્તાને મળ્યા. આ આત્મીયતા અને પ્રેમ-ભાવવિભોર પ્રત્યેક કાર્યકર્તાના અંતઃકરણમાં મિશન માટે ભરપૂર કાર્ય કરવાનો સંકલ્પ હિલોરા લેતો જોવા મળ્યો.. કોચીન-એર્નાકુલમના ૭૦ કાર્યકર્તાઓએ કેરલમાં મિશનના વિસ્તારની યોજનાઓ અને મલયાલમમાં અખંડ જ્યોતિ સહિત વિવિધ સાહિત્યના પ્રકાશનની યોજનાઓ પર ચર્ચા કરી.

(વધુ પાના નંબર-૮ પર)

**અમુક ખાસ વાતો**

- પૂર્ણાહુતિના દિવસે મંચ પર સમસ્ત સહયોગી ૨૪ સમાજના અધ્યક્ષોને ઉપવસ્ત્ર ઓઢાડીને અને યુગ સાહિત્ય ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું. એમનામાંથી કેટલાય સમાજોમાં ગાયત્રી ચેતના કેન્દ્રના સહયોગથી પ્રત્યેક રવિવારના દિવસે યજ્ઞ-દીપયજ્ઞનો ક્રમ ચાલી પડ્યો છે.
- પૂર્ણાહુતિના સમયે શ્રી અશોક અગ્રવાલ, શ્રી વિજય કુમાર તંત્રી વગેરે અમુક ગણમાન્યોએ પોતાના વ્યસન છોડવાનો સંકલ્પ જાહેર કર્યો, જેમના તેઓ ૨૦-૨૫ વર્ષોથી અભ્યસ્ત હતા.
- આખો યજ્ઞ ધુમાડા વગર સંપન્ન થયો, શ્રદ્ધાળુઓએ કુલ ૧૦ ડબ્બા શુદ્ધ ઘી ઉપલબ્ધ કરાવ્યું હતું.
- યજ્ઞ ભસ્મના ૫૦૦૦ પેકેટ તૈયાર કરી તેમને પ્રસાદ રૂપે ઘરે-ઘર પહોંચાડવામાં આવી રહી છે.
- શ્રી એસ.એલ.પાટીદાર, શ્રી અશોક અગ્રવાલ તથા શ્રી રવિન્દ્ર ગૌડજીએ છેલ્લા બે વર્ષોથી અહીં દીપયજ્ઞ અને પાંચ કુંડી યજ્ઞોની શૃંખલા ચલાવી હતી. આ પંચકુંડી યજ્ઞ શૃંખલાએ જ આ યજ્ઞને સફળતા અપાવી.
- મલયાલી દંપતિ શ્રી નારાયણ નાયર તથા શ્રીમતી ભદ્રા નાયર, નેવીના રીટાયર્ડ યુવક શ્રી જગદીશ પ્રસાદ, શ્રી મહેશ સાબૂ તથા શ્રી સરોજ પ્રધાને આજીવન મિશન માટે સમયદાન કરવાનો સંકલ્પ લીધો.
- કોચીનમાં કેરલનું મુખ્ય સાહિત્ય વિસ્તાર પટલ સ્થાપિત કરવામાં આવ્યું.
- શ્રી દીનદયાલ સારડા તથા શ્રી પ્રભુદાનજીએ આગામી વર્ષે ત્રિવેન્દ્રમમાં આવો જ ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞ કરવાનો સંકલ્પ લીધો.
- યાજ-પ્રયાજના ક્રમમાં ૫૦૦ ઘરોમાં દેવસ્થાપના થઈ, ૩૦૦ ઘરોમાં ધર્મઘટની સ્થાપના થઈ અને ૨૦૦ થી વધારે લોકો પત્રિકાઓના સભ્યો બન્યા.
- ૧૨ મલયાલી પુસ્તકોનું વિમોચન થયું.
- યજ્ઞ સ્થળ પર ૧૪ ભાષાઓમાં મિશનરી સાહિત્ય ઉપલબ્ધ હતું. બે દિવસમાં સવા લાખ રૂપિયાથી વધારેનું સાહિત્ય વેચાયું.

**ખોવાયેલા પૈસા ફરી મેળવી શકાય છે, પરંતુ ખોવાયેલો સમય ફરી ક્યારેય પાછો નથી આવતો.**

# આંતરિક શક્તિઓને જગાડવામાં આવે

## દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયનો ૧૬મો જ્ઞાનદીક્ષા સમારંભ

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો ૧૬ મો જ્ઞાનદીક્ષા સમારંભ તા-૧૦ જાન્યુઆરીના દિવસે ઋષિ સંસ્કૃતિની દિવ્ય અનુભૂતિઓની સાથે યોજાઇ ગયો. ઉત્તરાખંડના કુલપિતા પરમ પૂજ્ય ગુરુદેવના સંકલ્પોને સાકાર કરતાં વિશ્વની સામે ઋષિ સંસ્કૃતિની અનુરૂપ શિક્ષણ પ્રદાન કરનારો એક આદર્શ રજૂ કર્યો છે. છેલ્લા ૮ વર્ષોની




૧૬ મા જ્ઞાનદીક્ષા સમારંભનો દીપ પ્રગટાવીને આરંભ કરી રહેલ કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાજી, પતંજલિ પીઠના કુલપતિ આચાર્ય બાલકૃષ્ણજી તથા શાંતિકુંજ વ્યવસ્થાપક આદ.શ્રી ગૌરીશંકર શર્માજી

સિંચાઇ તથા ખાદી ગ્રામોદ્યોગ મંત્રી શ્રી માતબરસિંહ કંડારી તથા પતંજલિ યોગપીઠના કુલપતિ આચાર્ય બાલકૃષ્ણ કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા. જ્ઞાનદીક્ષાના તૈત્તરીયોપનિષદ્ આધારિત કર્મકાંડે ઉપસ્થિત અતિથિ, આચાર્ય, વિદ્યાર્થી, પત્રકાર તથા આશ્રમવાસી સૌને જ્ઞાનની ગરિમાને અખંડ બનાવી રાખવા માટે પ્રેરિત કર્યા. તમામ વક્તાઓએ એક મતથી કહ્યું કે જ્ઞાનાર્જનના પાયાનો ઉદ્દેશ્ય વ્યક્તિની અંતઃનિહિત શક્તિઓને જાગૃત કરી એનો સદુપયોગ કરવો શિખવાડવાનો છે.



ડૉ.એસ.પી.મિશ્રા

જ્ઞાનદીક્ષા સમારંભનો શુભારંભ ગુરુ-ગરિમાનો બોધ કરાવનારા પ્રજ્ઞા ગીતની સાથે થયો. કુલપતિ ડૉ.એસ.પી. મિશ્રાએ પોતાના સ્વાગત ઉદ્‌બોધનમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની વિશેષતાઓ પર પ્રકાશ ફેંક્યો. તેમણે કહ્યું કે યુવાનોને ક્રાંતિદૂત માનનીય કુલાધિપતિજીએ યાત્રામાં અમો વિષયોની પસંદગી, શોધ, સેવા દરેક દૃષ્ટિથી પોતાના ઉદ્દેશ્યમાં સફળ રહ્યા છીએ. અમો ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર સમસ્ત વિશ્વમાં કરીશું. જ્ઞાનદીક્ષા સમારંભ પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન રહેવાનો સંકલ્પ જગાડનારો એક મહત્ત્વપૂર્ણ સમારંભ છે.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિભાગના આચાર્યો દ્વારા જ્ઞાનદીક્ષાનું કર્મકાંડ એના બહુમૂલ્ય સૂત્રોને વિદ્યાર્થીઓને સારી રીતે હૃદયંગમ કરતાં સંપન્ન કરાવવામાં આવ્યું. કુલાધિપતિજીએ વિદ્યાર્થી તથા આચાર્યોને જ્ઞાન મેળવવા-આપવા, વ્યક્તિત્વ ઘડવા-ઘડાવવાની તપ સાધના સાથે-સાથે કરવાનો સંકલ્પ લેવડાવ્યો. તેમણે વિદ્યાર્થીઓ પાસે ધર્માચરણ કરવા, સ્વાધ્યાયમાં આળસ ન કરવા, કૌશલના અભ્યાસમાં આળસ ન કરવા, દોષ રહિત કર્મોનું સેવન કરવા વગેરેના સૂત્ર બોલવડાવ્યા. સમારંભના અંતમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રતીક ચિહ્ન ધારણ કરાવવામાં આવ્યા.

આ સમારંભને અતિથિગણ માનનીય શ્રી માતબરસિંહ કંડારી-મંત્રી ઉત્તરાખંડ, આચાર્ય બાલકૃષ્ણ, માનનીય શ્રી ગૌરીશંકર શર્મા તથા સમારંભના અધ્યક્ષ કુલાધિપતિ માનનીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ સંબોધિત કર્યા. આ અવસર પર ભૂતપૂર્વ કુલસચિવ ડૉ.આર.પી.કર્મયોગી તથા ડીન ડૉ.ઓ.પી.મિશ્રાની વિશેષ ઉપસ્થિતિ હતી. કુલસચિવ શ્રી સંદીપ કુમાર દ્વારા આભાર પ્રદર્શન તથા શાંતિપાઠની સાથે કાર્યક્રમનું સમાપન થયું. કાર્યક્રમનું સંચાલન શ્રી સૂરજ પ્રસાદ શુક્લાએ કર્યું. ❖

### માનનીય ડૉ.પ્રણવ પંડ્યાજી -કુલાધિપતિ દેસંવિવિ



આજે શિક્ષણ એક ઉદ્યોગ બનતું જઇ રહ્યું છે. આ યુગમાં ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મને સ્થાપિત કરવો એક મોટો પડકાર છે. આ દિવસોમાં બાળક ભણી-ગણીને, મોટો થઇને પોતાના માતા-પિતાને પ્રણામ કરશે કે નહીં, એમાં શંકા છે.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય ઋષિઓની પાલમિન્ટનું નિર્ધારણ છે, જે કાર્ય અહીં અમો કરી રહ્યા છીએ, તે કાર્ય આગામી દિવસોમાં સમગ્ર વિશ્વમાં થવાનું છે. આ નહીં થયું તો માનવતા બચશે નહીં.

આપણે વિચારવું પડશે કે શું અમારો જન્મ કેવળ પેટ ભરવા માટે જ થયો છે! પોતાને વિચારવા, સમજવા, ભણવાનો અવસર મળ્યો છે, ત્યારે જ્ઞાન જાગે છે. અમારી સંસ્કૃતિ કહે છે કે પરમાર્થ માટે જીવો, જીવન યજ્ઞ કરો સમાજના માટે.

દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયમાં આપણે વૈશ્વિક સમસ્યાઓના સમાધાન સાથે જોડાયેલ કેટલાક મહત્ત્વપૂર્ણ કોર્સ આરંભ કરવા જઇ રહ્યા છીએ, જેમાં જલ પ્રબંધન પર ડિપ્લોમા કોર્સ પણ હશે. ગ્લોબલ વૉર્મિંગ પર અમો ટુંક સમયમાં જ પાંચ કરોડ યુવકોની સાથે વૈશ્વિક સ્તર પર આંદોલન આરંભ કરીશું. અમો ભારતને જગદ્‌ગુરુ બનાવીને રહીશું, એની સંભાવનાઓ સૂક્ષ્મ જગતમાં બની રહી છે.

### આચાર્ય બાલકૃષ્ણજી -કુલપતિ પતંજલિ વિ.વિ.



હોઇ શકે છે કે આપ ઘણુબધુ શીખીને આવ્યા હશો. દુનિયા શિખવાડે છે દુનિયાને જાણવાનું સાધન. ઋષિ સંસ્કૃતિ શિખવાડે છે પોતે-પોતાને જાણો. જે દિવસે પોતે-પોતાને જાણી લેશો, એ દિવસે પોતાની મેળે જ દુનિયાનો સાક્ષાત્કાર થઇ જશે. આપણે અબોધ છીએ. એ અબોધતાને દૂર કરવાનું સાધન છે-જ્ઞાનદીક્ષા.

અહીં ઋષિયુગ્મએ વાતાવરણ આપ્યું છે, પરંતુ તપ તો તમારે જ કરવું પડશે. અહીંથી આપ એ ભંડાર લઇને જશો, જ્યાંથી રાષ્ટ્ર વિરોધી શક્તિઓ આપને વિચલિત નહીં કરી શકે..

### આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજી -વ્યવસ્થાપક-શાંતિકુંજ



જ્ઞાનદીક્ષા માત્ર કર્મકાંડ નથી, વ્યક્તિત્વ પરિષ્કારનો સંકલ્પ છે. જ્ઞાન જીવનની મૂળભૂત આવશ્યકતા છે. શિક્ષણનો સદુપયોગ જ્ઞાનવાન જ કરી શકે છે.

રાષ્ટ્રને ઉઠાવવો છે તો એના નાગરિકોના વિચાર, ચરિત્ર અને ભાવનાઓને ઉઠાવવો પડશે. ભાવના સારી હોય તો વ્યક્તિ દેવતા છે, નહીંતર તે જ રાક્ષસતુલ્ય છે. ભાવનાઓને બદલવી તપના બળે જ સંભવ છે, આ ઋષિતંત્રનું કાર્ય છે. જો આપનો સંકલ્પ સાચો છે તો ઋષિતંત્ર આપને અનંત ક્ષમતાઓથી ભરી દેશે.

### માનનીય માતબરસિંહ કંડારી -સિંચાઇ તથા ખાદી ગ્રામોદ્યોગ મંત્રી



દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય રાજ્ય જ નહીં, રાષ્ટ્ર જ નહીં, આંતર્રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે. એ ઉત્તરાખંડ માટે ગૌરવની વાત છે. સ્વામી વિવેકાનંદ કહેતા હતા-**Not gold the man can make the nation strong.** આપ અંતર્મુખી બનો, પોતાની શક્તિઓને ઓળખો, જ્ઞાનની જ્યોતિ પ્રગટાવો. જો આવું કરી શકશો તો આપ એક સારા ઇંસાન, એક સારા ડૉક્ટર, એંજીનિયર, સાહિત્યકાર; બધુ જ બની જશો.

## ડૉ.ઇંદૂ શર્મા આંતર્રાષ્ટ્રીય યોગ હરિફાઇમાં દ્વિતીય સ્થાન મેળવ્યું

પાંડેચેરીના પર્યટન વિભાગે પાંડિચેરીના શુભ લક્ષ્મી મહલમાં ચાર દિવસીય યોગ હરિફાઇનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં ઉત્તરાખંડ, પંજાબ, દિલ્હી, હરિયાણા સહિત ભારતના ૧૫ રાજ્યો તથા હાંગકાંગ, તાઇવાન, મલેશિયા, ફ્રાંસ, ઇંગ્લેન્ડ, રશિયા, ફિનલેન્ડ વગેરે દેશોના ૫૫૦ યોગાચાર્યોએ ભાગ લીધો. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની પ્રવક્તા ૨૭ વર્ષીય ડૉ.ઇંદૂ શર્માએ આ હરિફાઇમાં રજત પદક મેળવી દેવભૂમિ ઉત્તરાખંડ અને આપણા વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું. આ જ વિશ્વવિદ્યાલયની પ્રવક્તા શ્રીમતી ગાયત્રી ગુર્વેન્દ્રએ છઠ્ઠું અને બી.એસ.સી.ના છાત્ર ચિ.દીપકકુમારે આઠમું સ્થાન મેળવ્યું. અહીં એ ઉલ્લેખનીય છે કે આ તમામ હરિફો દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના છાત્ર હતા અને હવે એ જ પોતાની સેવાઓ આપી રહ્યા છે.



આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી, આદરણીય શૈલબહેન સહિત દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય તથા શાંતિકુંજ પરિવારે પાંડિચેરીથી પાછા ફરેલ હરિફોનું હાર્દિક સ્વાગત કર્યું. કુલાધિપતિજીએ કહ્યું કે ઇંદૂ કેવળ આસન પ્રદર્શન માટે જ નહીં, બલ્કે તે પોતાની બહુમુખી પ્રતિભાના કારણે શાંતિકુંજ અને વિશ્વવિદ્યાલયની ખૂબ જ પ્રિય પુત્રી છે. ડૉ.ઇંદૂનો આ પહેલો આંતર્રાષ્ટ્રીય પદક હતો. એના પહેલાં તે રાષ્ટ્રીય તથા પ્રાંતીય સ્તર પર દસ સ્વર્ણ પદક મેળવી ચુકી છે. ઋષિકેશ નિવાસી ડૉ.ઇન્દૂએ પોતાને હિમાલય અને ગંગાની પુત્રી બતાવતાં કહ્યું કે આ એના જીવનનું પરમ સૌભાગ્ય છે કે યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીની તે શિષ્યા છે.

આ હરિફાઇમાં વિશ્વવિદ્યાલયના શિક્ષક-વિદ્યાર્થીઓએ આઠ વર્ગોમાં ભાગ લેતાં કુલ ૨૦થી વધારે પુરસ્કારો મેળવ્યા છે. ❖

### શ્રી સંદીપ કુમાર -નવા કુલસચિવ બન્યા



દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના ઉપ કુલસચિવ શ્રી સંદીપ કુમારને વિશ્વવિદ્યાલયના નવા કુલસચિવના હોદ્દા પર નિયુક્તિ કરવામાં આવી છે. ભૂતપૂર્વ કુલસચિ ડૉ.આર.પી.કર્મયોગી પાસેથી તેમણે તા-૫ જાન્યુઆરીના દિવસે પોતાનો કાર્યભાર સંભાળી લીધો. ડૉ.કર્મયોગીને હવે સ્કૂલ ઑફ એજ્યુકેશનના ડાયરેક્ટરનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. શ્રી સંદીપકુમાર છેલ્લા ૨૪ વર્ષોથી શાંતિકુંજને પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

**સ્વામીઃ**-યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/
2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED UP TO-2011